
શ્રી ૧


સર્વેળી સપ્તાઓમાં ગવાતી અને લોકપ્રીય

શ્રી સપ્તા ભજનાવળી.



સ્તુતિ ૧

અસિતગીરી સમં સ્યાત કજ્જલં સિંધુ પાત્રે,
સુર તરૂવર શાખા લેખીની પત્ર મુર્વિ;
લીખતી યદી ગૃહિત્વા શારદા સર્વ કાલં,
તદપિ તવગુણ નામિશ, પારં ન યાતિ.



છપાવી પ્રસિદ્ધ કરનાર

લલ્લુભાઇ બાવાભાઈ પટેલ.
મુ. વાંકાનેર, તા. બારડોલી, જી. સુરત.



સંવત ૧૯૭૫—સને ૧૯૧૯
આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦



"સુરત સીટી" પ્રીન્ટીંગ પ્રેસ–સુરત.



કિંમત રૂા. ૦–૫–૦

પ્રસ્તાવના.

આ લઘુ પુસ્તકને પ્રસ્તાવનાની કંઇ જરૂર ન હતી છતાં થોડુંએક લખવું ઉચીત લાગવાથી બે બોલ કહ્યા છે. ઘણાએક વખતોના ગામોમાં સપ્તા મંડાય છે પરંતુ આવી સપ્તા ભજનાવળી કોઇ પણ જગ્યાએ જોઇ નહિ અને તે જગ્યાના સપ્તાપ્રેમી લોકો ભજનને માટે આમ તેમ ફાંફાં મારતા જોવામાં આવ્યા તેથી હમારા મનને એવી ઉમેદ થઇ કે જો સપ્તાનાં ભજનો છપાવ્યાં હોય તો આ અઘવડ દુર થાય તેટલા માટેજ શ્રી સપ્તા ભજનાવળી હમોએ છપાવી બહાર પાડી છે, દુનિયામાં રામ નામ સાર કહેલું છે અને શ્રી રામ નામનાં પુષ્પોથી ગુંથેલી આ કાવ્યમાળા પ્રીતથી પહેરવાથી આ અસાર સંસાર તરાય છે, જો કે એમાંના ભજનો હમારાં બનાવેલાં નથી માટે એ બનાવવાનું માન એમના કર્તાઓનેજ ઘટે છે. હમોએ તો સારા શોધી એકત્ર કરી છપાવ્યાં એટલુંજ. માટે એમના કર્તાઓને હમારા અંતઃકરણપૂર્વક પ્રણામ છે, વળી આ ભજનાવળીના ભજનો એકત્ર કરવામાં તથા છપાવવામાં તથા ભૂલો સુધારવી વિગેરે કામમાં મારા પરમસ્નેહી મિત્ર ધીરજરામ કાલીદાસે ઘણીએક મહેનત લીધી છે માટે આ લઘુ પુસ્તક હું તેમને માનપૂર્વક અર્પણ કરૂં છું એજ વિનંતિ.

લી૦

લલ્લુભાઇ બાવાભાઇ પટેલ.
મુ. વાંકાનેર તા. બારડોલી.

શ્રી સપ્તા ભજનાવળી.

૧. (ધુન)

રામા રામા રામા દયાળુ રામા,
દયાળુ રામા કૃપાળુ રામા;
ઓરે દીનાનાથ દયાળુ રામા.
રામા રામા રામા, પ્રભુ ભજો રામા;
પ્રભુ ભજો રામા, હરી ભજો રામા. ઓરે. ૧
રામા રામા રામા, સીતાપતિ રામા;
સીતાપતિ રામા, રઘુપતિ રામા. ઓરે. ૨
રામા રામા રામા, ગોવિંદ ભજો રામા;
ગોવિંદ ભજો રામા, ગોપાળ ભજો રામા. ઓરે. ૩
રામા રામા રામા વ્રજવાશી રામા;
વ્રજવાશી રામા અવિનાશી રામા. ઓરે. ૪

૨. (ધુન)

રાધે ગોવિંદ રાધે ગોકુળમાં ગોવિંદ રાધે,
રાધે ગોવિંદ રાધે ગોકુળમાં ગોવિંદ રાધે;
રાધે ગોવિંદ રાધે ગોકુળમાં ગોવિંદ રાધે,
ગોકુળમાં ગોવિંદ રાધે.
નાના નટવર રાધાકૃષ્ણ, ઓ મારા નાથ રાધે કૃષ્ણ.

૨

ઓ મારા નાથ પકડો હાથ, અહલ્યાના ઉધારણ નાથ;
પતિત કેરા પાવન નાથ, અનાથોના છોજી નાથ.
રાધે ગોવિંદ રાધે ગોકુળમાં ગોવિંદ રાધે,
ગોકુળમાં ગોવિંદ રાધે.
કાલા ગીરધર રાધાકૃષ્ણ, ઓ મારા લાલ રાધાકૃષ્ણ.
ઓ મારા લાલ કરોની વ્હાલ, જસોમતીના કાલા લાલ;
ભક્તવત્સલ છોજી લાલ, કરૂણાસાગર નટવર લાલ.
રાધે ગોવિંદ રાધે ગોકુળમાં ગોવિંદ રાધે,
ગોકુળમાં ગોવિંદ રાધે.

૩

મન ગોવિંદ ગાવ, મન ગોવિંદ ગાવ. (૨).
રામા રામકૃષ્ણ ભજવાનો આવ્યો છે દાવ. મન.
દુર્લભ મનસા દેહી તમે તત્પર થાવ,
ભવસાગર તરવાને, બેસવાને નાવ. મન.
ભગવદગીતા સાંભળોને, હ્રદયે રાખો ભાવ;
સતસંગરૂપી ગંગામાં પ્રેમે કરી નાવ. મન.
બાઇ મીરાં કહે તેમ, હરીજન થાવ,
હરિ કે ચરણમાં, ચિત લગાવ. મન ગોવિંદ ગાવ. મન.

મીરાંબાઈ.

૪

આયો આયો એક લડકો મુગટધરી,
મુગટધરીરે પ્રભુ મોરલીધરી. આયો આયો.

મોર મુગટ શિરછત્ર બિરાજે,
તુળશીકી માળા ધરીરે ધરી. આયો આયો.
નંદજીકો લાલ ગોપાળ સરીખો,
ગૌધેનની રખેવાળ કરી. આયો આયો.
હાથે લાકડીઓને, ખભે કામળીઓ,
ગૌધેનકી રખેવાળ કરી, આયો આયો.
તુળશીરે દાસ હરી ગુણુ ગાશે,
ચરણુ કમળ ચીત ધરીરે ધરી. આયો આયો.
તુળસીદાસ.

૫

રામ તો બેરાગી ભયો હૈ, મેરે રામા ત્રણુ ભુવનનો નાથરે. રામ તો.
ફુલડાં મંગાવોને ગજરા ગુંથાવો, મેરે રામા માલન હોકર જાવોરે. રામ તો.
કપડાં મંગાવો ને ભગવાં રંગાવો, મેરે રામા વૈરાગી હોકર જાવોરે.
રામ તો બેરાગી ભયોહે.
કોરી કોરી મટુકીમાં મહીરે જમાવો, મેરે રામા ગોવાલન બનકર જાવોરે.
રામ તો બેરાગી ભયોહે.
ગોરે ગોરે અંગપર ભભુત લગાવો, મેરે રામા જોગન બનકર જાવોરે.
રામ તો બેરાગી ભયોહે.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધીરના ગુણુ, મેર રામા ચરણુ કમળમાં રહેજોરે.
રામ તો બેરાગી ભયોહે.

૬. (રાગ ગવરી.)

મેં તો હરિગુણુ ગાવત નાચુંગી
નાચુંગી મેંતો નાચુંગી- મેંતો.

આપને મ્હેલ બેઠ બેઠ કર–ગીતા ભગવત વાચુંગી–મેં તો.
જ્ઞાન ધ્યાનકી ગઠરી બાંધકર–હૃદય કમળમેં રાખુંગી–મેં તો.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ સદા પ્રેમરસ ચાખુંગી–મેં તો.

૭. (કયાંથી આ સંભળાય)

માગત માખણ રોટી ગોપાળ પ્યારા,
માગત માખણ રોટી–મેરે ગોપાળજીકુ રોટી બનાદઉ,
એક છોટીને બીજી મોટી–ગોપાળ પ્યારા—
મેરે ગોપાળજીકુ વેવા કરૂંગી–ભ્રીખુભાનકી બેટી—ગોપાળ.
મેરે ગોપાળજીકુ પોષાક પેરાઈ દઉં–માથે છે કલગી ટોપી—ગોપાળ.
મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ ચરણ કમળ હું તો જોતી—ગોપાળ પ્યારા.

૮. (રાગ ગવરી)

બલીહારી રામજી કે આવનકી, રામા આવનકી મન ભાવનકી; બલીહારી.
રૂમક ઝુમક પાઉં નેપુર વાગે, ઠુકમચાલ મન ભાવનકી; બલીહારી.
મોર મુગટ મકરા ક્રિત કુંડળ, ઉરબન માળ શોહાવનકી; બલીહારી.
પેસી પાતાળે કાળી નાગ નથ્યો, ફેણ પર નાચ નચાવનકી; બલીહારી.
પીત પીતાંબર અધિક શોહાગે, સામલી સુરતમન ભાવનકી; બલીહારી.
તુળશીદાસ પ્રભુ ચરણે આયે, હરીકે ચરણ ચીત લાવનકી; બલીહારી.

૯. (રાગ ગવરી)

ઓ લક્ષ્મણજીરેઓ રઘુવરજી, ધીરે ચલતમેં હારી;
એકતો પાઉંમાં કાંટા લગાહે, દુસરા પાઉંમાં ભારીરે; ઓ લક્ષ્મણજી.
રામને લક્ષ્મણ જનક સુતાબાઇ ફેરમીલે ગીરધારે; ઓ લક્ષ્મણજી.
ગોરી તેરા નામ બતાપની આરી, ફેરમીલે. ઓ.

કોણુ તેરા નામને કોણુ તેરા ગામ; કોણુ પુરૂષ ઘેર નારીરે, ઓ.
સીતા મેરૂં નામ અયોધ્યા મેરી નગરી, રામ પુરૂષ ઘેર નારીરે;
ઓ લક્ષ્મણજી.

૧૦ (રાગ ગોડી.)

નંદનકો જગવંદનકો, ભજો ભજોરે જસોદા નંદનકો;
રૂમક ઝુમક પાઉંને પુર વાગે, ઠુમક ચાલમન ભાવનકુ; ભજો ભજો.
મોર મુગટમકરા ક્રિત કુંડળ, ઉરબન માળ શોહાવનકુ; ભજો ભજો.
પેશી પાતાળે કાળી નાગ નાપ્યો, ફેણુ પર નાચ નચાવનકુ; ભજો.
પીત પીતાંબર અધિક સોહાગે, શાવલકી સુરતમન ભાવનકુ; ભજો ભજો.
તુળશી દાસ હરિગુણ ગાવે, હરિ કે ચરણ ચિત્ત લાવનકુ; ભજો ભજો.

૧૧

રામ રમકડું જડ્યુંરે, રાણાજી મુજને રામ રમકડું જડયું;
ભવનું તે કારજ સરીયુંરે, રાણાજી;
નથીરે સોનાનું વાલા નથીરે રૂપાનું, નથી સોની ઘેર ઘડીયુંરે; રાણાજી.
મોટા મોટા મુનીઓ મથી મથી થાકયારે, કોઇ એક વીરલાને હાથે
અડીયુંરે; રાણાજી.
સોના રૂપાના શીખર ઉપર, અગમ ઓચીંતું અડીયુંરે; રાણાજી.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરીધરના ગુણ, ચરણ કમળ ચિત્ત અડીયુંરે;
રાણાજી મને રામ રમકડું જડીયું.

૧૨ (રાગ ઉપરનો)

જોગન વેશ ધરી રહીશુંરે રાણાજી અમો જોગન વેશ ધરી રહીશું;
મોટા મોટા મહેલો તારા કામ નહિ આવેરે, તુટેલી ઝુંપડીમાં રહીશુંરે;
રાણાજી.

ડીને કંદોરા તારા કામ નહિ આવેરે, તુળશીની માળા પેરી રહીશુંરે.
રાણાજી.
સોનાના કટોરા તારા કામ નહિ આવેરે, ભાંગેલી તુંબડીમાં ખાઇશુંરે;
રાણાજી.
હીરના ચીર તારા કામ નહિ આવેરે, ભગવાં પેરીને અમે રહીશુંરે
રાણાજી.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, ચરણ કમળ ચિત્ત લઇશુંરે;
રાણાજી અમો જોગન વેશ.

૧૩ (રાગ ઉપરનો)

તારો ભરોસો મને ભારીરે, હો રામ રાજા તારો ભરોસો મને ભારી;
ભરીરે સભામાં વાલે દ્રોપદી ઠારીરે લજ્જા રાખી છે મોરારીરે. રામરાજા
નખરે વધારી વહાલે હીરણ્યા કંશ માર્યો પ્રલ્હાદને લીધોછે ઉગારીરે. રામરાજા
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરનાં ગુણ ચરણ કમળ બલિહારે. રામરાજા.

૧૫

દેવકીનંદન શ્યામ, ગોવિંદ નામ ભાવે ભજોને. રાણી રૂક્ષમણીકંથ=ગોવિંદ

સાખી.

કૃષ્ણ દામોદર ભૂદરા, નરસૈંયાના નાથ,
પ્રભુ આપ છો કરણા નિધાન.—ગોવિંદ નામ.
સાખી–ગોકુળવાસી વિઠુલા, તારી અહલ્યા નાર
કીધો કંસસુરનો નાશ.—ગોવિંદ નામ ભાવે ભજોને

સાખી

દામોદર દયાળ તું, પવિત્ર આત્મારામ,
જયજય કેશવરામ—ગોવિંદ નામ ભાવે ભજોને.

૧૬. રાગ ઉપરનો.

ભાવે ભજો સીતારામ રાધાવર ભાવે ભજોને.
ગોકુળવાશી કહાન. રાધાવર

સાખી.

વ્રજવાશી અવિનાશી તું ગોપ વધુના પ્રાણ,
કંશકાળ પાળક બધા, છે વિશ્વતણો તું કાન.—રાધાવર.

સાખી.

દ્વારીકાનાથ જાદવ પતિ, પવિત્ર આત્મારામ
લક્ષ્મી કાંતચિદાનંદતું જય જય કેશવરામ—રાધાવર.

૧૭

મને ઘડી નથી વીસરતા રામ હરિવર સંકટ હરતા,
વાલાજી મારા કરપર ગોવરધન ધાર્યો,
વાલે વૃજનો દેશ ઉગાર્યો રામ–હરિવર સંકટ હરતા–મને.
વાલાજી મારા કાળી નાગે તે ફંદ કીધો,
લટકાળે નાથી દીધો રામ–હરિવર સંકટ હરતા–મને ઘડી.
વાલાજી મારા કંસ હતો બહુ અહંકારી
મોહનજીએ નાંખ્યો મારી—રામ હરિવર સંકટ હરતા–મને ઘડી.
વાલાજી મારા મુષ્ટિક તાંદુલ સુદામાનાં લીધા,
તેનાં મ્હેલ કનકના કીધા રામ–હરિવર સંકટ હરતા–મને ઘડી.
વાલાજી મારા, કુબજાનું ચંદન લીધું.
તેનું રૂપ અનુપમ કીધું રામ–હરિવર સંકટ હરતાં–મને ઘડી.
વાલાજી મારા પંચાળી સભામાં પોકારે,
ચીર પૂર્યાં પૂરણ મોરારી રામ–હરિવર સંકટ હરતા–મને ઘડી.

વાલાજી મારા ભવરે સાગરના છો ત્રાતા,
પીંગળના પ્રાણ હમારા રામ–હરિવર સંકટ હરતા–મને ઘડી.

૧૮

રામરતન ધન પાયોરે–મૈયારે મેં તો રામરતન ધનપાયો
સંતસંગત સદ્દગુરુ કૃપાસેં,
તો બડો ભાગ્ય બની આયોરે–મૈયારે મેંતો.
ખરચ્યો ન ખુંટે વોકુ ચોર ન લુટેરે, દીન દીન હોત સવાયો. મૈયારે.
નીરમાં ન ડુબે વોકુ અગ્નિ ન ઝાલેરે, તો ધરતી ધર્યો ન સમાયોરે. મૈયારે.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, ચરણ કમળ ચિત્ત લાયોરે. મૈયારે.

૧૮

ભય ભંજન ભગવાન સમરલે ભય ભંજન ભગવાન;
જીવ સમરે તો મહાસુખ પાયો, ગાવત વેદ પુરાણ. સમરલે.
ધ્રુવ અમરીષ પ્રેલાદ વીભીક્ષણ, સમરતાં સારંગ પ્રાણ. સમરલે.
પ્રગટ પ્રતાપ ભયો આ ભવમાં, જાણતાં જાણ અજાણ. સમરલે.
મીરાં લોકલાજ કુલ તજકે, ભય હરિસે એક તાન. સમરલે.
સુરદાસ કહે પ્રભુ તમારે મીલનકુ, ગાવત વેદ પુરાણ. સમરલે.

૧૯

ગાઇ લ્યો મન ઘેલા ગોવિંદ ગુણ ગાઇ લ્યો મન ઘેલા;
તમે તત્પર થાવો વેલા વેલા. ગોવિંદ ગુણ૦
સફળ મનુષ્ય જન્મારો, ભજી લ્યોને આતમ તારો;
ભવ જુગ ખારો ખારોરે. ગોવિંદ ગુણ૦
જન્મ મરણની નદીઓ વહેતી, ઘટમાળની માફક ફરતી;
હરિ સ્મરણમાં રાખો વૃત્તિરે. ગોવિંદ ગુણ૦

બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, ભક્તિ કરૂં ચરણે
પડીરે. ગોવિંદ ગુણ૦

૨૦

મને વહાલું વહાલું વહાલું રાધાકૃષ્ણજીનું નામ,
રાધાકૃષ્ણજીનું નામ, સીતારામજીનું નામ. મને.
તમે જુઓરે પિતાજી મુજપર [illegible]ીને પ્રીત,
મારી પાટીમાં લખાવો રૂડાં [illegible]નાં ગીત;
રૂડાં રામજીનાં ગીત રૂડાં ગોવિંદજીનાં ગીત. મને.
મારા મનમાં માધવ મુકુંદ [illegible],
મારે રટવા છે શ્રી જુગદા[illegible]
છે જુગદાધાર મારે હરિનો [illegible]. મને.
મારે અવર બીજા તણું [illegible] કામ,
મારે કાંઇ નથી કામ મારે [illegible] શ્રીરામ. મને૦
હું તો હરનીશ જપું મારા [illegible] ગોવિંદ,
મારા રામ ગોવિંદ મારા [illegible] ગોવિંદ; મને૦

૨૧ ([illegible])

હોડીવાળા હોડી હલકાર, મા[illegible] હરિ મલવાને
હરિ મલ[illegible]ા પ્રભુ મલવાને. હોડીવાળા૦
કાયારૂપીરે વાલે હોડી બનાવી [illegible] મેલ્યો રખેવાળ;
મારૂં [illegible] હરિ મલવાને.
તારી હોડીએ હીરા રત્ન જડાવું [illegible]ી મેલાવું ઘુઘરમાળ,
મારૂં [illegible] હરિ મલવાને.
આણી તીરે ગંગા વ્હાલા પેલી તીરે જમુના;
વચમાં ગોકુળીયું રૂડું ગામ. મારૂં મન૦

ગીરેરે વ્હાલા હું રેઉભેલી.

સામા ઉભા સુંદીર સ્યામ. મારૂ મન૦

સોનારે દઉંગી ને રૂપારે દઉંગી

દઉંગી ગળા કેરા હાર. મન૦

બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ.

રંગભેર ઉતારો પેલે પ

મારૂં મન હરિ મલ

૨૩

બોલમા બોલમા બોલમારે રાધાકૃષ્ણ વિના બીજું બોલમા,

સાકર શેરડીનો સ્વાદ તજીને,

કડવો લીમડો ઘોળમારે રાધાકૃષ્ણ૦

હીરા માણેકને ઝવેર તજીને,

કથીર સંઘાતે માંણ તોલમારે રાધાકૃષ્ણ૦

ચાંદા સુરજનું તેજ તજીને,

આગીઆ સંગાતે પ્રીત જોડમારે રાધાકૃષ્ણ૦

ગંગા જમુનાના જળ તજીને,

ખાડ ખબોચીયું ખોળમારે રાધાકૃષ્ણ૦

આંબા વૃક્ષની છાંયા તજીને,

થોરનું થુમડું ઠોલમારે રાધાકૃષ્ણ૦

બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ

શરીર આપ્યું સમ તોલમારે રાધાકૃષ્ણ૦

૨૪

ભજોરે પ્રભુને મન ભાવે, પામર પ્રાણી ભજોરે પ્રભુને મન ભાવે;

ભજોરે પ્રભુને ભાવે, લક્ષ ચોરાશી ન આવે, યમ દુત ન ફાવેરે;

પામર પાણી.

ચોર પેસી લુંટી વાડી, જોને તું આંખો ઉઘાડી, રહી માયા તે ડોરા કોઢેરે;
પામર પ્રાણી.
ભક્તિ સાચી ઝીલ હાથે, કૂસંપ રાખે જેની સાથે; સાહયે થાયે
દીનાનાથેરે; પામર પ્રાણી.
કાઢી મુકું યુદ્ધ કરી, જોઇશ નહિ પાછું ફરી; જઇશ ભવ સાગર તરીરે.
પામર પ્રાણી.

૨૫

તમે બોલો મોરી રસના હરિ હરિ,
હરિરે હરિ પ્રભુ હરિરે હરિ, તમે; ગરૂડે બેસી ગોવિંદજી પધાર્યા;
શંખ ચક્ર ગદા ધરીરે ધરી, તમે બોલો; હંશ વાહન કરી
બ્રહ્માજી પધાર્યા, વેદ ચારકો ધૂન કરી; તમે બોલો;
ઉંદરે બેસી ગણપતી પધાર્યા, સાથે સુદ્ધ બુદ્ધ સુંદરી: તમે.
મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ એક વાર બોલો શ્રીરે હરિ. તમે.

૨૬

જય બંશી બટ જય લલનારે રામા જય લલના,
જય કાલીંદ્રી જય જમના,
જય રાધે જય કૃષ્ણ જય વંદ્રાવન રામા જય વંદા વન,
રામ કુંડળ રાધે કુંડળ ગીર ગોવરધન જય બંશી.
જય રામા જય રામા ત્રિભોવન ધણીરે રામા ત્રિભોવન ધણી;
ગોકુળમાં ગૌચારી ધણી, જય બંશી બટ.

૨૭

ગોવિંદા ગોપાળા માધવા મુંકદા હરિ હરિ
નારાયણ ભજ હરિ હરિ, ગોપાળ ભજ હરિ હરિ; ગોવિંદા.

જાનકી વલ્લભ હરિ હરિ, કૃષ્ણ દામોદર હરિ હરિ ગોવિંદા
બાળ કૃષ્ણ હરિ હરિ, રામચંદ્ર હરિ હરિ; ગોવિંદા
ગોવિંદા ગોપાળા માધવા મુકુંદા હરિ હરિ

૨૮

રઘુપતિ રાઘવ રાજારામ પતિત પાવન સીતારામ,
જે રઘુનંદન જે જે રામ સીતા વલ્લભ જે શ્રી રામ,
રાજા રામ, રામ રામ, સીતારામ રામ રામ.

૨૯

હેરે વનમાળી દયાળા હેરે વનમાળી,
શામળા ગોવરધનધારી દયાળા હેરે વનમાળી, હોરે.
હેરે વનમાળી દયાળા હેરે વનમાળી કૃપાળા હેરે વનમાળી,
શામળા ગોવરધન ધારી દયાળા હેરે વનમાળી.

૩૦

જે રામા પતિરામ, સીતા પતિ શ્રી હરિરે,
રઘુપતિ રાજા રામ, સીતા પતિ શ્રી હરિરે.
જે નારાયણ મોરાર, સીતા પતિ શ્રી હરિરે.
જે વિશ્વંભર દયાળ, સીતા પતિ શ્રી હરિરે.
ગોવિંદ હરિ ભૂપાળ, સીતાપતિ શ્રી હરિરે.
ગોપાળ હરિ ગોવિંદ, સીતાપતિ શ્રી હરિરે.

૩૧

જેણેરે શામળીઆ ચરણ રસ ચાખ્યો તણેરે સંસારનો કુચો કરી નાંખ્યો,
કુચો કરી નાંખ્યો કુચો કરી નાખ્યો—જેણેરે.

જેજન કૃષ્ણ ચરણનારે ભોગી તે નર જાણો તમો સઘળારે જોગી
સઘળારે જોગી સઘળારે જોગી—જેણેરે.
જેજન કૃષ્ણ ચરણથી અળગા તે જન થઇ મૂકી
ડાળેરે વળગ્યા, ડાળેરે વળગ્યા વળગ્યા,—જેણેરે.
જે જન કૃષ્ણ ચરણથી નાઠા, ભણેરે નરસૈંયો તે નર ભવમાંરે ગાઠાં,
ભવમાંરે ગાઠા, ભવમાંરે ગાઠા—જેણેરે શામળીઆ.

૩૨

જેણેરે ગોવિંદ રામા તમને વિસાર્યા,
તમને વિસાર્યા તે નર ભવોભવ હાર્યા-જેણેરે.
તમને વિસારીને કોણ સુખ લીધું,
અમૃત ઢોળી હળાહળ પીધુ, હળાહળ પીધું, હળાહળ પીધું—જેણેરે.
તમને વિસારી અવર મન મોયું,
કોડીને બદલે કંચન ખોયું, કંચન ખોયું, કંચન ખોયું-જેણેરે.
તમને વિસારી અવર રંગ રાચ્યા,
વાંઝન રહી તેની જનુનીરે માતા, જનુનીરે માતા, જનુનીરે માતા-જેણેરે.
તમને વિસારી નિદ્રા ભરી સૂતો, ભણેરે નરસૈંયો તે નર ભવોભવ વગુતો
ભવોભવ વગુતો ભવોભવ વગુતો—જેણેરે.

૩૩. (ધુન)

ભજો ગોવિંદ ગોવિંદ ગોપાળા,
ઝુલે કૃષ્ણકનૈયો હરિનંદલાલા. ભજો ગોવિંદ૦
મથુરામાં હરિ જન્મ લીયો હે,
ગોકુળ ઝુલે નંદલાલા. ભજો ગોવિંદ૦

પુતના કુંજનને ગત વીધી,
અધમ ઓધારણુ નંદલાલા. ભજો ગોવિંદ૦
માતા જસોદા મહીં વલાવે,
માખણુ ખાવે નંદલાલા. ભજો ગોવિંદ૦
અગાસુર માર્યો બગાસુર માર્યો,
તાર્યો કુબેર કુદો બાલા. ભજો ગોવિંદ૦
વૃંદારે વનમાં રાસ રચ્યો હે,
સહસ્ત્ર ગોપી એક નંદલાલા. ભજો ગોવિંદ૦
પેસી પાતાળે કાળી નાગ નાથ્યો,
ફેણુપર નાચ કરે નંદલાલા. ભજો ગોવિંદ૦
ગોકુળથી હરિ મથુરા પધાર્યા,
સહસ્ત્ર ગોપી એક બ્રિજબાલા. ભજો ગોવિંદ૦
મથુરાંરે આવી રાજ લૂટાઓ,
પેરાઓ શુભ બ્રીજબાલા. ભજો ગોવિંદ૦
કુબજા તો ચંદન ઘસી લાવે,
માલન લાવે ફૂલમાલા. ભજો ગોવિંદ૦
કે શીરે મારીને કંશ પછાડયો,
જગતમાં યશ કીધો નંદલાલા. ભજો ગોવિંદ૦
ઉગ્રસેનકુ રાજતિલક કીયા હે,
ભયો હે મથુરાકો ભુપાલા. ભજો ગોવિંદ૦
વનમાળી હરિ શરણેરે આવે,
પ્રેમ ભજનકી જપ માલા. ભજો ગોવિંદ૦

૩૪ (ધુન)

ભજો દશરથનંદન જનક લલી,
દોનું ભાઈ જનકપૂર આયે;
પુષ્પ બિછાવંત ગ[illegible] લલી. ભજો૦
તોડ ધનુષ રાયે [illegible] હારે,
રાજા જનકકો [illegible] [illegible]ની. ભજો૦
કુંવરી ચાલી [illegible] [illegible] ગોરી,
વર પાયો રઘુ[illegible] [illegible]ની. ભજો૦
ફૂલ ફૂલત [illegible] [illegible]માં,
બનમાલા પેરાવ ચલી ભજો૦
પરણે કુંવર [illegible] [illegible] થકો,
મંગળ ગાવે [illegible] [illegible]. ભજો૦
તુળસીદાસ [illegible] [illegible] [illegible],
હૃદયે બસો મેરી [illegible] [illegible]ની. ભજો૦

૩૫. (ધુન)

ભજો દશરથનંદન શ્રી રામા,
દલબાદલની [illegible] [illegible] શોહે;
જાગો [illegible] [illegible] [illegible] [illegible]. ભજો૦
મોર મુગટ ને [illegible] [illegible] [illegible].
નીરખત [illegible] [illegible] [illegible]. ભજો૦
શંખ શંખ[illegible] [illegible] [illegible]રતા,
ધનુષ બિરાજત [illegible] [illegible]. ભજો૦
જન હરિઓ જનરૂપ નિરખતાં,
કૃષ્ણ ગોવિંદ ગુણ ગામા ભજો૦

૩૬. (ધુન)

ભજો સીતારામ ધનુષધારી,
ભજો રઘુવીર રામ ધનુષધારી;
રઘુકુળમાં અવતાર લીઓ હે,
મંગળ ગાવે પુરનારી. ભજો૦
સીતા રામ લક્ષમણ ભરત શત્રુઘ્ન.
હનુમાન હે આજ્ઞાકારી. ભજો૦
સીતા રામ અયોધ્યા પૂરકે,
જાય જનક કે પણ પાળી. ભજો૦
વિશ્વામિત્ર કે કારજ સારે,
ચરણ સેવક અહલ્યા તારી. ભજો૦
એકહીં બાણે અસુર સબ મારે,
કનકપૂરી સીન મોઝારી. ભજો૦
રાવણકે દશ મુસ્તક છેદે,
વીશ ભૂજા નારી તારી. ભજો૦
રાવણ માર્યો વિભિષણ તાર્યો,
કીયો હે લંકાકો અધિકારી. ભજો.
કહેત કબીરા સુનો ભાઇ સંતો,
હરિની ભક્તિ જુગો જુગ પ્યારી. ભજો.

૩૭ (ધુન).

ભજો રઘુવીર રામ મુગટ ધારી,
ભજો સુંદીર શ્યામ મુગટ ધારી,
રે મુગટ ધારીરે મોરલી ધારી. ભજો રઘુવીર૦

રઘુકુળમાં અવતાર લીયો હે,
મંગળ ગાવે પૂરનારી. ભજો રઘુવીર.૦
સીતા રામ લક્ષમણુ ભરત શત્રુઘ્ન,
હનુમંત હે આજ્ઞાકારી. ભજો રઘુવીર૦
વિશ્વામિત્ર કે કારજ સારે,
ચરણુ સેવક અહલ્યા તારી. ભજો રઘુવીર૦
સીતા રામ અયોધ્યા પૂરકે,
જાય જનક કે પય પાળી. ભજો રઘુવીર૦
એકહી બાણે અસુર સબ મારે,
કનકપૂરી સીન મોજોરી. ભજો રઘુવીર૦
રાવણુ કે દશ મસ્તક છેદે,
વીશ ભૂજા નારી તારી. ભજો રઘુવીર૦
રાવણુ માર્યો વિભિક્ષણુ તાર્યો,
કર્યો હે લંકા કો અધિકારી. ભજો રઘુવીર૦
કહત કબીરા સુનો ભાઇ સંતો,
હરિની ભક્તિ જુગોજુગ પ્યારી. ભજો રઘુવીર૦

૩૮

ભજો કૃષ્ણુ હરિ ગોપાળા,
બંસીધર ગીરવરવાળા.
અરે બંસીધર ગીરીવરવાળા. ભજો.
મથુરામાં હરિ જન્મ લીયો હે,
ગોકુળ ઝુલે નંદલાલા. બંસીધર–ભજો.

પૂતના કુંજને ગતરે દીધી,
અધમ ઓધારણુ નંદલાલા. બંસીધર—ભજો.
માતા જસોદા મહી વલોવે,
માખણુ ખાવે નંદલાલા. બંસીધર—ભજો.

અઘાસુર માર્યો બગાસુર માર્યો,
તાર્યા કુબેરકા દો બાલા—ભજોકૃષ્ણ.
વંદ્રાવનમાં રાસ રચ્યો હૈ,
સહસ્ત્ર ગોપી એક નંદલાલા—ભજો.
પેસી પતાળે કાળી નાગ નાથ્યો,
ફેણુ પર નાચ કરે નંદલાલા. બંસીધર—ભજો.

ગોકુળથી હરિ મથુરા પધાર્યા,
સહસ્ત્ર ગોપી એક બીજ લાલા—ભજો.
મથૂરામાં આવી રાજ લુટાયું,
પેરાએ શાલ બીજ બાલા—ભજો.

કુબજા તો ચંદન ઘસી લાવી.
મા'લન લાવી ફુલ માળા. ભજો.
કેશી મારીને કંશ પછાડયો.
જગતમાં યશકીઓ નંદલાલા ભજો.

ઉગ્રસેનકુ રાજ તીલક દીઓ હૈ,
કીઓ હૈ મથુરાં કો ભૂપાલાઈ ભજો.
વનમાળી હરિ શરણે આવે,
પ્રેમ ભજનકી જપ માલા, ભજો.

૩૯. (ધુન)

હો નંદલાલા હો મતવાલા કૃષ્ણ કાનૈયા તુહી તુહી,
મથુરામાં હરિજન્મ લીયો હે ગોકુળ ઝુલે તુહી તુહી.
વૃંદાવૃંદમાં રાસ રચ્યો હે સહસ્ત્ર ગોપી એક તુહી તુહી.
માતા જસોદા મહી વલોવે માખણ ખાવે તુહી તુહી.
પેસી પાતાળે કાળી નાગ નાથ્યો નામ કરે છે તુહી તુહી.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધારીના ગુણ,
ચરણ કમળમાં તુહીતુહી.

૪૦

હાંરે રથ ફેરો ગોકુળ રથવાળા,
તમે નંદ જસોદાના લાલારે; રથ ફેરો ગોકુળ રથવાળા.
ગંગારે તલપે ને જમુનારે તલપે,
તલપે છે નદીઓ નાળાંરે; રથ ફેરો ગોકુળ રથવાળા.
સુરજ તલપે ને ચંદ્રમારે તલપે,
તલપે છે નવલાખ તારારે; રથ ફેરો ગોકુળ રથવાળા.
ગાયો તલપે ને વાછરડાંરે તલપે,
તલપે છે ગોપ બીચારારે; રથ ફેરો ગોકુળ રથવાળા.
વલ્લભના સ્વામી વિના ગોપીઓ તલપે,
તલપે છે પ્રાણ હમારારે; રથ ફેરો ગોકુળ રથવાળા.

૪૧. (ધુન)

રામ રાધે ગોવિંદા, ગોપાળ રાધે ગોવિંદા.
ભજ ગોવિંદા પ્રેમાનંદા, રામ રાધે ગોવિંદા.
ગોવિંદારે ગોવિંદા જેજે ગોપાળ ગોવિંદા.

ગોવિંદા ગોપાળીયા જેજે ગોવિંદા ગોવિંદા.
ગોવિંદા ગોપાળા ગોવિંદા ભજ હરિહરિ.
રામકૃષ્ણ હરિહરિ ગોવિંદારે ભજ હરિહરિ.

૪૨. (ધુન)

ગોવિંદારે ગોવિંદા પેલા મનમાં ગોવિંદા.
ગોવિંદા ગોપાળા માધવા મુકંદા હરિ હરિ.
હરિગોવિંદા હરિગોપાળા હરિ ઉતારે પેલે પાર.
ભજો ભજોરે ગોપાળા ભજો ભજોરે ગોપાળા.
વીઠલારે વિઠલા હરી એ વિઠલા.

૪૩

નામ તો પ્રભુનું લેવું નીશદીન તારે, નીશદીન તારે તારે.
નીશદીન તારે નામ તો પ્રભુનું લેવું,
કાયા જુઠી માયા જુઠી મુકીદો વિસારી,
સાચું શું સુધર્મ રહેવું છોડી દે ખુમારી; નામતો.
માયા જુઠી મમતા જુઠી મુકીદો વિસારી,
સંસાર અસાર સમજી સુકીત કરો પહેલા,
જુવાની આ જાતી રહેશે માટે ચેતો વહેલા; નામતો.
ભુંડા ભુંડું મનમાં ભાખે રાખ તું ભલાઈ,
પરસ્પરે સહાય કરવું સાચીએ સગાઈ; નામતો.
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ,
ચરણ કમળ ચિત્ત લેજોરે મોરારી; નામતો.
રે મહારાજ અવધ બીહારી તમે ગોકુળમાં ગોચારીરે; મહારાજ.

૪૪

તમે ગોકુળ કીધું કાશીરે; રે મહારાજ.
રાવણ સીતાને લઇ ગયો નાશીરે; રે મહારાજ.
સીતા રાત દિવસ અપવાસ કરે; રે મહારાજ.
રામ બાર વરસ વનવાસીરે; રે મહારાજ.
સીતા રામ નામ ઓચરતીરે; રે મહારાજ.
બીજો શબ્દ મુખે નવ ઓચરતીરે; રે મહારાજ.

૪૫

મારા રામ કાલે મળજો પેલાં કહ્યાં વચન તમે પાળજોરે; મારા.
જળ જમુનાનાં જળ પાણી જાતાં મારગ વચ્ચે વહેલા મળજોરે; મારા.
બાળપણાની વહાલી દાસી,
પ્રીત કરી પરવરજોરે; મારા રામ.
વાટે આળ ન કરીએ વહાલા,
વચન કહ્યું તે સુણજોરે; મારા રામ.
ઘણોજ સ્નેહ થયાથી ગીરધર,
લોક લજ્જાએ મળજોરે; મારા રામ.
મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ,
પ્રીત કરી પરવરજોરે; મારા રામ.

૪૬

નિત્ય નમાવું શીશ પ્રભુજી પ્યારા નિત્ય નમાવું શીશ,
અલ્પ મતીથી નમન કરૂંછું રહામ કરો જગદીશ; પ્રભુજી પ્યારા.
દયા નિધિએ દયા કરી તે તુજ હજુર રહીશ; પ્રભુજી.
પ્રભુ સંગાથે પ્રીત કરો તો ભવ સાગર તરીશ. પ્રભુજી.

સર્વે સૃષ્ટિ સેવે તમોને, સેવા નિત્ય કરીશ; પ્રભુજી.
રીદ્ધિ સિદ્ધિ બુદ્ધિને અરપી, પ્રેમને પંથ પડીશ; પ્રભુજી.
અગણિત ગુણ છે આપ પિતામાં ચિંતા સર્વે હરીશ; પ્રભુજી.
અલ્પમતિથી કહું કરજોડી, ધ્યાન તમારૂં ધરીશ; પ્રભુજી.

૪૭

લેતાં લેતાં શ્રીરામજીનું નામરે લોકડીયાં લાજે છે,
હરિ મંદિરે જાતાં પાવલીયાં દુઃખે, ફરી આવે સારૂં ગામરે; લોકડીયાં.
તમાસો હોય ત્યાં દોડી જાયે, મુકીને ઘરના કામરે; લોકડીયાં.
ભાંડ ભવૈયા ગુણીકા નૃત્ય કરે ત્યાં બેસી રહે સારી રાતરે; લોકડીયાં.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ,
ચરણ કમળ ચિત્ત હામરે; લોકડીયાં લાજે છે.

૪૮

ભાવે કરી ભકતો તમે હરિગુણ ગાવો; હરિગુણ ગાવોને લીયોને લહાવો.
ઈશ્વરમાં રાખી આસ, વેદમાં ધરી વિશ્વાસ,
દીલથી થઇને દાસ રામને રીઝાવો; ભાવે.
રાંક માથે રાખી રહેમ પ્રભુ માથે રાખી પ્રેમ,
નીતિ તણાં નેમ તમે હે સતથી ચુકાવો; ભાવે.

૪૯

શ્રી પતિ આનંદ ઘન વિભુ વ્રજ વિહારી; શ્રી પતિ.
ગરૂડાસન, કમળ નેન, જય મોહન, મોરારી; શ્રી પતિ.
રાધા રમણ, પ્રેમ ઝરણ, શરણ, છે એ તારી; શ્રી પતિ.
ગોકુળચંદ, આનંદ કંદ, ગીરીવર ધારી; શ્રી પતિ.
વિઠલ વગાડે વાંસળી, રસાળીને મધુરી; શ્રી પતિ.
નીરખે ત્રીલોકનાથ ભીખુ ભાનની દુલારી; શ્રી પતિ.

૫૦ (ધુન).

નાચે નંદલાલ નચાવે હરિમૈયા,
મથુરામાં હરિજન્મ લીયો હે,
ગોકુળમાં પાઉં ધરેરે કનૈયગો; નાચે.
રૂમક ઝુમક પાઉં ને પુર વાગે,
ઠુમક ઠુમક પાઉં ધરેરે કનૈયો; નાચે.
દૂધન પીયે વાલો દહીંઓ ન ખાયે;
માખણુ કા લાલ બનોરે ખવૈયો; નાચે.
પેસી પાતાળે કાળી નાગ નાથ્યો,
ફેણુ પર નાચ કરેરે કનૈયો; નાચે.
વૃંદાવનમાં રાશ રચ્યો હે,
સહસ્ત્ર ગોપી એક ભયોરે કનૈયો; નાચે.
ચંદ્ર સખી ભજે બાળ કૃષ્ણ છબી,
હરિ કે ચિત લહોરે બાલૈયા; નાચે.

૫૧ (ધુન)

બોલો સીતારામ, સીતારામ, સીતારામ,
મેરે મન બશી ગયો સીતારામ,
ગૌરવરણુ શીયા જનક નંદન,
રઘુવર હે ઘન સુંદર શ્યામ; મેરેમન.
દશરથ પુત્ર અયોધ્યા નાયક,
તા પર છત્ર ઝુલાવે હનુમાન; મેરેમન.
જટા મુગટ મુનિ ભેખ ધર્યો હે,
હાથ ધનુષ લીયો શારંગ પ્રાણુ; મેરેમન.

વિશ્વામિત્ર કે જગ સુફલકી,
ગૌતમ નારી પકાયો નિજ ધામ; મેરેમન.
આશાનંદ કહે કર જોડી, ઉમંગ ધરી ભજો આઠે જામ; મેરેમન.

૫૨

ભણે ઇંદ્ર મુનીંદ્ર ઉપેંદ્ર નમું, કરૂણા વર શ્રી હરિશ્ચંદ્ર નમું.
સચ્ચીદાનંદ શ્રી અવિનાશી નમુ, ભણે.
જગદાયક દુર્લભ ધામ નમું; કરૂણા વર વૈકુંઠવશી નમું.
નભ વાયુ ધ્રુવ તારા પ્રકાશ નમુ; ભણે.
પુરૂષોત્તમ પંકજનત્ર નમું, પૃથ્વી જળ જંક નિવાસ નમું,
પરી પૂરણ બ્રહ્મ પવિત્ર નમું; ભણે.
ગુણવંત અચીંત્ય અનંત નમું રવિ કોટી કલાવરરૂપ નમું.
ભય ભંજન શ્રી ભગવાન નમું. ભણે.
ભગવાન સુરાસુર ભુપ નમું, શ્રી નિરાકાર નિરંજન દેવ નમું,
સચરાચર સંપ્રદાયી નમું. ભણે.
શીવશંકર સહાયક શીવ નમું, શ્રી ચરણ કરાંબુજ સહસ્ત્ર નમું,
શરણાગત વત્સલ નામ નમું. ભણે.
પરીધાન પીતાંબર વસ્ત્ર નમું, નીજ ભક્ત તણા સદા તાત નમું,
કરીટાદિક બંજક ધારી નમું. ભણે.
ભુવનેશ્વર ભુધર વિર, નમું, મધુસુદન દેવ મોટા નમું;
શુભ ધર્મ ધોરીધર ધીર નમું. ભણે.
શંખ ચક્ર ગદા બૂજ પાણી નમું, દીન પાવક દીન દયાળ નમું;
ખગ વાહન પુરુષ પુરાણી નમું. ભણે.
જગદીશ જગત કૃપાલ નમું, રવિ કેશવ મેશ મુકંદ નમું;
સુર વલ્લભ સુંદીર શ્યામ નમું,
સુણતાં પ્રગટયા તત્મેવ નમું. ભણે.

૫૩

સતો અમોરે વહેવારીઆ શ્રી રામ નામના

રામ નામનારે પ્રભુ રામ નામ નામના. સંતો અમો૦

વેપારી આવે છે બધા ગામ ગામના. સંતો૦

અમારૂં વસાણું સંતો સૌ કોઇને ભાવે,

અઢારે વરણુ ત્યાં તો હોરવાને આવે. સંતો૦

લાખ કરોડે લેખાં નહિને પાર વિનાની પુંજી,

હોરવું હોય તો હોરી લેજો કસ્તુરી છે સોંઘી. સંતો૦

આવરોને ખાતાવહીમાં લક્ષ્મીવરનું નામ,

ચીઠ્ઠીમાં ચત્રુભુજ લખ્યા નરસૈંયાનું કામ, સંતો૦

૫૪

મીરાંને પૂર્વે જનમની પ્રીતરે, નામ નહિરે છોડું હોજી;

મીરાંને હૈડે લખાણા હરિનાં હેતરે, નામ નહિરે છોડું હોજી.

સાખી.

રાણાજીએ આપીઓ, ભુતળાં ભેળો વાસ,

ભુત પ્રેત ભાગી ગયા, મીરાંને ઇંદ્ર ભુવન થયો વાસરે. નામ.

મીરાંને હૈડે લખાણા હરિનાં હેત. નામ.

સાખી.

વીખના પ્યાલા મોકલ્યા, દેજો મીરાંને હાથ,

અમૃત કરી આરોગીઆ, મીરાંને રાખણ હાર રઘુનાથરે. નામ.

સાખી.

રાણે વીશ્ચયલ મોકલ્યો, દેજો મીરાંને જઇ

પુંજી મીરાંએ પ્રેમથી, સુરતી શાલીગ્રામની થઇરે. નામ.

સાખી

રાણે રજા આપ્યા પથી, કાઠી ગણાને કાસ
મીરાં ચાલ્યાં મલપતાં, બાઇને ભાગ્યો તે વ્રજનો વારસરે. નામ.

સાખી.

પાછળથી પસ્તાયને, રાણો કહે કોઇ જાવ,
વેગે કહેજો વીનવી મીરાંબાઇ એકવાર ચિતોડગઢમાં આવોરે.
નામ નહિરે છોડું હોજી.

૫૫

હરિ ભજતાં હજુ કોઇની લાજ, જતાં નથી જાણીરે
જેની સુરતી સામળીયાની સાથ, વદે વેદવાણીરે. ટેક૦
વહાલે ઉગાર્યો પ્રલ્હાદ, હિરણ્યા કસ્યપ માર્યોરે,
વિભિક્ષણને આપ્યું રાજ, રાવણને સંહાર્યોરે. હરિ૦
વહાલે નરસીંહ મહેતાનો હાર, હાથો હાથ આપ્યોરે
ધ્રુવને આપ્યું અવિચળરાજ, પોતાનો કરી સ્થાપ્યોરે હરિ૦
વહાલે મીરાં તે બાઇનાં ઝેર, હળાહળ પીધાંરે
પાંચાળીનાં પૂર્યાં ચીર, પાંડવ કામ કીધાંરે. હરિ૦
વહાલે અંબરીશને ઓળખાણુ. અવતાર દશ ધરીઆરે
વહાલે ગજને તે કીધી સ્હાય, ગરૂડપર હરીયારે. હરિ૦
આવો હરી ભજવાનો લહાવો, ભજન કોઇ કરશેરે
કરજોડીને કહે પ્રેમલદાસ ભકતોનાં દુઃખ હરશેરે. હરિ૦

૫૬. રાગ ઉપરનો.

ધરજો ધરજો હૃદયમાં ધ્યાન હરિનું ધરજોરે
મનથી મારૂં તારૂં અભિમાન સદા પરહરજોરે. ટેક૦

હરિ સદ્દસિદ્દ આનંદ એક, અખંડ અવિનાશીરે
પ્રભુ પુરણ બ્રહ્મ સ્વરૂપ, સકળનો પ્રકાશીરે. ધરજો.
હરિ રૂદેમાં રહે છે હજુર, સદા એવું જાણીરે
દેજો દ્વારે આવે તેને દાન દયા ઉર આણીરે ધરજો.
ભકત આધીન છે ભગવાન, કે ભવ દુઃખ કાપેરે
આપે ધર્મ અર્થને કામ, અખંડ સુખ આપેરે. ધરજો.
કરો સદ્દગુરૂ સંતોની સેવ, કરથી તમે કરજોરે
મુખથી નીંદાને જુઠ વચન, સદા પરહરજોરે. ધરજો.
કરજો સત સંગને સંતોષ, સદા રાજી કરજોરે
તજી દુરજન કેરો સંગ, તૃષ્ણા પરહરજોરે. ધરજો.
કરજો કર્મ સદા તમે શુભ, કાયાથી કરજોરે
ચોરી જારીને જંજાળ, જાનથી પરહરજોરે. ધરજો.
કરજો તીરથ વ્રતોને તપ, સદા તમે કરજોરે
લોભ લાલચ અને વળી લાંચ, સદા પરહરજોરે. ધરજો.
કરજોડીને કહે છે મહારાજ મોતી મનમાંહીરે
ગુરૂ ગોવિંદ દેજો આશીષ, વ્યાપે દુઃખ નાંહીરે. ધરજો.

૫૭

દશરથ સુત રામને પ્રણામ હમારા પ્રીતથી કહીએ
પ્રણામ હમારા પ્રીતથી કહીએ, પ્રભુજીને હેતથી કહીએ. દશરથ.

સાખી

કૈકેયી વાણી બોલીઆં સાંભળ દશદથરાય
રામ લક્ષ્મણ વન જાય ને ભરતજી કરે રાજ દશરથ.

સાખી

રામ લક્ષમણ વન ચાલીઆ સાથે સીતા નાર,
ચીત્ર કુટમાં આવીઆ ઝુંપડી બાંધ્યા ત્યાંય. દશરથ.

સાખી

સીતાને રાવણ હરિ ગયો, લઇ ગયો, લંકા મોઝાર,
અશોક બાગમાં બેસાડીઆં, ચોકી એક હજાર. દશરથ.

૫૮ થઇ પ્રેમ વશ એ રાગ.

શ્રી રામ વીયોગે સીતા નારી એને હરી ગયો રાવણ અહંકારીરે.
શ્રી રામ વીયોગે સીતા નારી.
સીતા મુખે રામ રામ પોકારે, હૈયું ભરી ભરી રોતી,
હાંરે સીતા લક્ષ્મણ સામુ જોતી. એને હરી ગયો. શ્રી.
રામ કહે કોઈ લંકામાં જઇને, સીતાની શોધજ લાવો
હરે તેને જાણું હું ભક્ત હમારો. એને હરી ગયો. શ્રી.
હનુમાનજી શોધ સીતાની લેવા, લંકા વિષે પરવરીઆ
લંકામાં રહે રાવણ અહંકારી સીતા બેઠાં અશોકવન જ્યાંહે.
એને હરી ગયો રાવણ અહંકારીરે, શ્રી.
હનુમાનજી પાસે મુદ્રિકા જોઈને સીતા હૈયું ભરી રોતી,
હાંરે સીતા હનુમંત સામુ જોતી. એને હરી ગયો. શ્રી.

૫૯

બંસીધર નટવર ગીરધારી અરે ગીરધારીરે મોરલીધારી બંસીધર.
મોટ મુગટ કીટ કાને કુંડળ, વાલે મોહન મોરલી કરધારી. બંસીધર.
બાંયે બાજુબંધ હો બેરખાંરે, વાલો ચાલ ચાલે છે લટકાળીરે બંસીધર.
પીળાં પીતાંબર જરકશી જામા વાલે કેશરીઆળ મુગટધારી. બંસીધર.
વૃંદાવનમાં રાસ રચ્યો હે, વાલા સહસ્ત્ર ગોપી એ ગીરધારી. બંસીધર.
મેરે ગોવિંદજી ડગમગ ડોલે. વાલો બંસી બજાવે બહુ સારી. બંસીધર.
પેસી પાતાળે કાળી નાગ નાથ્યો વાલો નાચ કરે છે ગીરધારી. બંસીધર.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ વાલા ચરણકમળકી બલીહારી. બંસીધર.

૬૦

વાલો જમનાને કાંઠે, રેં વાલો જમનાને કાંઠે જમનાને કાંઠે
રમે ગોવાળીયા સાથે રમતાં, દડો પડયો જળ માંય. (૨)
કાળી નાગ નાથ્યો પળ એક માંય. વાલો જમનાને
જળમાં રહે શર્પકાળી. (૨)
રહે શર્પ કાળી ફેણુ પર નાચે વનમાળી. વાલો.
નાગણી કરેરે વીલાપ. (૨)
કરેરે વિલાપ પ્રભુજી મૂકો હમારો નાથ. વાલો જમનાને
નાગણી પાયે તો પડે. (૨)
પાયે તો પડે પ્રભુજી થઇ થઇ થઇ નાચે. વાલો જમનાને
નાગને કાઢયો જળથી બાર. (૨)
કાઢયો જળથી બાર મુકયો રમણુ દ્વીપ મોજાર. વાલો જમનાને.
મુક્યો રમણુ દ્વીપ મોજાર. (૨)
રમણુ દ્વીપ મોજાર, મોટો ગરૂડ વસે છે ત્યાંય. વાલો.
મોટો ગરૂડ વસે છે ત્યાંય. (૨)
ગરૂડ વસે છે ત્યાંય હમુને ખાવા એતો ધાય. વાલો.
ફેણુપર અડયા અમારા પાય. (૨)
અડયા અમારા પાંય તેથી કાયા પાલન થાય. વાલો.

૬૧

આજ મારે સાધુ જનનો સંગરે રાણા મારા ભાગ્ય ભલ્યાં
સાધુરે જનનો સંગરે કરીએ.
રામજી ચઢે તે ચોગણુ રંગરે. રાણા૦
સાધુરે જનનો સંગ ન કરીએ,
પડે ભજનમાં ભંગરે. રાણા૦

અડસેટ તીરથ સંતોને ચરણે,
કોટી કાશીને સેવેગંગરે. રાણા૦
નિંદા કરશે તે તો નરક કુંડમાં જાશે;
થશે આંધળા ને અપંગરે. રાણા૦
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ
રામજી સંતો નીરજ ધામરે. રાણા૦

૬૨

કાગળ કોણ લઇ જાયરે;
મથુરામાં વસે મેવાશી. ટેક.
એરે કાગળમાં ઝાઝું શું લખીએ;
થોડે થોડે હેત જણાયરે. મથુરામાં૦
મિત્ર તમારો મળવાને ઇચ્છે;
જસોમતિ અન્ન ન ખાયરે. મથુરામાં૦
સેજલડી તો મને સુની લાગે;
રડતાં તે રજની જાયરે. મથુરામાં૦
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ;
ચરણ કમળ મારૂં ત્યાં જાયરે. મથુરામાં૦

૬૩

અવધ બિહારીરામ, પ્રભુજી અવધ બિહારી રામ;
ભકતોના પૂરણ કામ, પ્રભુજી અવધ બિહારીરામ,
નમન કરૂં હું નિશદિન તુજને.
પ્રેમે લાગું પાય પ્રભુજી,
બે કર જોડી વિનતી કરૂં છું;
રક્ષા કરો હરનીશ. પ્રભુજી.

અરજ કરૂં મમ ઇશ કૃપાળુ;
ચરણે નમાવું શીશ. પ્રભુજી.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણુ,
ચરણુ કમળ જુગદીશ. પ્રભુજી.

૬૪

જયજય વંદન ભય ભવભંજન દશરથ નંદન શ્રીરઘુવીર.
સીતાપતિ શ્રીપતિ મનોહર રઘુકુળદિપક શ્રીરણુધીર,
દશ મસ્તક છેદન, ત્રંબક ભંજન, ત્રિભોવનપાળક લક્ષ્મણુવીર,
જયજય શ્રીપરમાત્મા પોતે, રઘુકુળદીપક શ્રીરણુધીર,
જાનકી વલભ જનક જમાત્ર, કૌશલ્યાસુત રામ પવિત્ર;
રામાઃ સીતાપતિ.
શ્રીગુણાદિકપ્રભુ પતીતપાવન દીનાનાથ વિશ્વંભર નીત–જયજય.
રાઘવકુળભુષણુ વિશ્વંભર રામનામ કહીએ રણુધીર–સીતાપતિ.
બાઈ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણુ,
ચરણુ કમળ ધરીએ રણુધીર–જયજય.

૬૫

બાંધોની મારા બાઈ ભજનગઢ બાંધોની મારા બાઇ,
તમારે જમથી થાશે લડાઇ. ભજન–
ધ્રુવ પ્રેહલાદને અમીરસ તાર્યા,
એમે મીરાંબાઇ. ભજનગઢ.
ભરીરે સભામાં દ્રૌપદીના ચીર,
પ્રભુએ કીધી સહાય. ભજનગઢ.
નરસંઇ મહેતા ભકત હરિના,
સાતમે સવરી બાઇ. ભજનગઢ.

ભરીરે સભામાં સયેંદ્રી લૂટાય,
મોહને કીધી મહેર. ભજનગઢ.
નરસઇ મહેતાની હુંડી સ્વીકારી,
હળદરે કીધી સહાય. ભજનગઢ.
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ,
પ્રભુ ભજીને તરો પાર. ભજનગઢ.

૬૬

હું તો પ્રભુને માટે ચંદન ઘસું;
હું તો વાલાને માટે ચંદન ઘસું,
ચંદન ઘસુંરે હું તો હૈડે વસું. હું તો પ્રભુને૦
ઘઉંલા કપુર ને કેશર નાંખી,
કપુર કાચલી ઉપર ઘસુંરે. હું તો પ્રભુને૦
પારીજાતકના ફૂલ મંગાવું,
દીચાં તોડી સુખડથી ઘસુંરે. હું તો પ્રભુને૦
ભાવે કરૂં તીલક રઘુવરને,
અબીલ ગુલાલ લેલાટે ઘસુંરે. હું તો પ્રભુને૦
અગર કસ્તુરી ઉપર મેલાવું,
એક એહેક તેથી હસુંરે. હું તો પ્રભુને૦
ધુપ દીપ નૈવેધ ધરાવું,
ઘંટના નાદે મારૂં મનડું વસ્યુંરે. હું તો પ્રભુને૦
નાથ નીરંજન અબળા જાતી,
તમ કૃપા વીણ રહુંછું પશુરે. હું તો પ્રભુને૦
કહેત કબીરા સુનો ભાઇ સંતો,
મહાલક્ષ્મીના સ્વામી પ્રભુ. હું તો પ્રભુને૦

૬૭

સમરી લેને શ્રીહરિ, મુરખ મન સમરી લેને શ્રીહરિ,
આવો દાવ આવે નહિ ફરી. મુરખ૦
મનુષ્યાદેહ દુર્લભ તને આપી,
કૃષ્ણે કરુણા કરી. મુરખ૦
ધન દોલત ને માલ ખજાના,
બેઠો કચેરી ભરી. મુરખ૦
હજુ મુરખ તને લાજ ન આવી,
ખાઇશ જુતીઓ ફરી. મુરખ૦
તું જાણે મારી સાથે આવશે,
અક્કલ તારી ખરી. મુરખ૦
કલીજુગમાં કારણ કીરતનનું,
સેહેજે ગુણીકા તરી. મુરખ૦
મરવાને ભય નથી રાખતો,
ડગ નથી ભરતો ડરી, મુરખ૦
ચંચળ ચપળ નેત્ર તમારાં,
શીરપર મુગટ ધરી. મુરખ૦
દયા પ્રીતમ ભજ ગોવરધનધારી,
ભવસાગર જા તરી. મુરખ૦

૬૮

નહિરે વીસારૂં હરિ, અંતરમાંથી નહિરે વીસારૂં હરિ,
આડે મારગે જતાં ને વળતાં;
અમુલખ વસ્તુ જડી. અંતરમાંથી૦

નદી જમનાંના જળ ભરવાને જાતાં
શીરપર મટુકી ધરી. અંતરમાંથી૦
પીળાં પીતાંબર જરકશી જામા;
કેસરીઆળ કરી. અંતરમાંથી૦
મોર મુગટ ને કાને કુંડળ;
મુખપર મોરલી ધરી. અંતરમાંથી૦
રાણી રૂક્ષમણિના મહેલ તજીને,
કુબજાને રાણી કરી. અંતરમાંથી૦
બાઇ મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ,
વરતો વીઠ્ઠલને વરી. અંતરમાંથી૦

૬૯

મોહન લાગત પ્યારો, રાણાજી મુને મોહન લાગત પ્યારો;
જાકી કળામેં હાલત ચલંતા, બોલતાં પ્રાણ આધારો. રાણાજી.
તાકી કળામેં સબજુગ ભુલ્યા, એહ પુરૂપ છે ન્યારો.
તમો કહેતે અરધંગા અમારો અમે શું લગાયો અકારો રાણાજી.
ચૌદ ભુવનમાં વ્યાપી રહ્યો હે.
તુમહી જુઠી અમહીં જુઠીં ને જુઠો રાજ પ્રસારો. રાણાજી.
તારા પુરૂષકો સંબંધ જુઠો ફૂટયો હે હૈયા તમારો,
શાળુ પીતાંબર મોતનકી માળા લઇ લઇ અંગન ચાંડાશે. રાણાજી.
છાપા તીલક તુળસીની માળા, સાધુ સંગતનીત સારો,
મીરાંબાઇ કહે કે પ્રભુ ગીરધરના ગુણ રાણાજી.
ચરણ કોબરદ સંભાળો.
જે જે દિન મેં તો હરિ વિણુ ખોયા,
અધિક એ મનુષ્ય જન્મારો. રાણાજી.

૭૦

રામ રટણમાં સાર છેરે સીતારામ રટણમાં સાર છે,
મુનશા દેહ પામીને સ્મરણ ભૂલ્યો,
તેને કલ્યાણની વાર છેરે. સીતા૦
કુસંગ કુનારનો સંગ કરવાથી,
જમનો મોટો માર છેરે. સીતા૦
લખ ચોરાશીના ફેરા ફરતા,
મુનશા દેહ છેલ્લીવાર છેરે. સીતા૦
કહે નરભેરામ ગરૂ પ્રતાપે, રામ રટયાથી પાર છેરે. સીતા૦

૭૧

સૌનું કરો કલ્યાણ દયાળુ પ્રભુ સૌનું કરો કલ્યાણ.
નરનારી પશુપક્ષીની સાથે,
જીવજંતુ તમામ. દયાળુ૦
જગના વાસીઓ સૌ સુખ ભોગવે,
આનંદ આઠે જામ. દયાળુ૦
દુનીઆમાં દરદ દુકાળ પડે નહિ, લડે નહિ કોઇ ગામ. દયાળુ૦
સર્વે જગે સુખકારી વધે ને, વળી વધે ધન ધાન્ય. દયાળુ૦
કોઇ કોઇનું બુરૂં નવ ઇચ્છે, સૌનું ઇચ્છે સૌ સમાન. દયાળુ૦
પોત પોતાના ધર્મ પ્રમાણે, સર્વે ભજે ભગવાન, દયાળુ૦

૭૨

લેહ લાગી મને તારી અહલ્યાજી, લેહ લાગી મને તારી.
કામકાજ મૂક્યું ધામજ મૂક્યું,
મનમાં ચાહું છું મોરારી. અહલ્યાજી૦
ખભે છે કામળીને, હાથમાં છે વાંસળી,
ગોકુળમાં ગાયો ચારીરે. અહલ્યાજી૦
સોળ સહસ્ર ગોપીઓને તમે વરીયા,
તોય તમે બાળ બ્રહ્મચારી. અહલ્યાજી૦

મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ,
ચરણ કમળ બલીહારી. અહલ્યાજી લહે લાગી૦

૭૩ (ગરબી)

કાલે પરણાવશું ગોપી કુંવરને, કાલે પરણાવશું ગોપીકુંવરને.
લાજ મરજાદા સર્વે લોપી, કલે૦
કાનકુંવર ઘોરા ઘોડે ચઢશે,
માથે મુગટ આરોપી. કુંવરને૦
રાધિકાને જ્યારે મંદિરે પધારશે,
મંદિર રહેશે ઓપી. કુંવરને૦
મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ,
લીલા વાઘા ને પીળી ટોપી. કુંવરને૦

૭૪

નમુ ઉમીઆ આનંદ કારી, અભિવંદન લેજો સ્વિકારી,
પ્રભુ વંદન લેજો સ્વીકારી,
દાસતણી દીન વાણી દયાળુ, લેશો સદા તમે ઉરધારી. નમુ૦
અધમ ઓધારણ કારણ જગના
ત્રિગુણાત્મક ત્રિપુરારી, નમુ૦
પ્રભુ ભક્તવત્સલ ભવ ભય હરોછો,
એક અને આ અવિકારી. નમુ૦
આદિ અનાદિ અમર અજર,
ઇશ્વિર નૌતમ લીલાધારી. નમુ૦
વિશ્વપતિ ભૂજ વારે ચડીને,
આ ઘડી લેજો ઉગારી. નમુ૦
દુઃખ સહુ દૂર કરી સુખ આપો,
અધમને લેજો ઉગારી, નમુ૦
ચરણ કમળમાં તુજને ધરીને,
પ્રીતે ભજુ મોરારી. નમુ૦

૭૫

આતુર થઇછું મુખ જોવાને ઘેરે આવો નંદલાલા,
ગોતણું (મીસ) કરી ગયા છો ગોકુળ આવો વાલા–આતુર
માસીરે મારીને ગુણકારે તારી શી ટેવ તમારી છોગાળા–આતુર
કંસ મારી માબાપ ઉગાર્યા, કપટી નથી ઘણા ભોળા–અતુર
બાઇ મીરા કહે પ્રભુ ગીરધરના ગુણ ઘણા લાગો છો પ્યારા–આતુર

૭૬

પુનેમ કેરો પૂરણ ચંદ્રમાં રાસ રમે નંદલાલોજી,
નટવર વેશ ધર્યો નંદલાલે, સૌ જોવાને ચાલોજી–પુનેમ કેરો.
ગાનતાન વાજીંત્ર વાગે, નાચે જસોદાનો કાલોજી–પુનેમ કેરો.
સોળ સહસ્ત્રમા અષ્ટ પટરાણી વચમાં રહ્યો મારો વાલોજી–પુનેમ.
મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ ચરણ કમળ ચિત્ત આલોજી–પુનેમ.

૭૭

ચાલને સખી મહી વેચવા જઇએ, જ્યાં સુંદીર વર રમતોજી.
પ્રેમતણાં પકવાન લઈ સાથે રસીકવર જ્યાં ફરતોજી.–ચાલને૦
મોહનજી હવે મોટા થયો છે ગોપીઓને નથી ગમતોજી.–ચાલને૦
મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, કાન કુબ્જાને વરતોજી. ચાલને.

૭૮

ચાલને સખી મારો શ્યામ દેખાડું વંદ્રાવનમા ફરતોજી,
નખ શીખ સુધી હીરાને મોતી, નવનવા શણગાર ધરતોજી. ચાલને.
પાપણ પાગ કલંકીરે તોરો, શીરપર મુગટ ધરતોજી; ચાલને.
ધેન ચરાવેને બંશી બજાવે, મન મારાને હરતોજી. ચાલને.
રૂપને સંભાળું તારા ગુણને સંભાળું જીવ, રણછોડમાં ભમતોજી. ચાલને.
મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, શામળીઓ કુબ્જાને વરતોજી. ચાલને.

૭૯

નહી જાવુંરે જમના પાણીલાં, મારગમાં નંદલાલ મળે;
નંદજીનો લાલો આણ ન માને, કામણગારો એ ન મળે. નહિ.

અમે આહીરડાં સઘળાંરે સુખીઆં, કઠણુ કાનુડો છે મેલો. નહિ.
મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, ગોપીઓને કાનુડો છે વાલો. નહિ.

૮૦

અજબ સલુણી પ્યારી મૃગયા નેણી, તેં મોહન વશ કીધોરે;
ગોકુળમાં સૌ વાત કરે છે, કાન કુબજે વશ લીધોરે. અજબ.
મકનો સૌ કરીને લાલ અંબાડી, અંકુશે વશ કીધોરે. અજબ.
લવીંગ, સોપારીને પાનનાં બીડાં, રાધા શું રાખ્યો કીનોરે. અજબ.
મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, ચરણ કમળ ચિત્ત દેતોરે. અજબ.

૮૧

કઠણુ થયારે માધવ મથુરામાં જઇને કાગળ ન લખ્યો કટકોરે.
અહીંઆ થકી હરિ હવડાં પધાર્યા, ઓદ્ધવ સાથે અટકયોરે. કઠણ.
અંગે સુવર્ણાંઆ વાઘા પહેર્યા છે, શિર પિતાંબર પટકોરે. કઠણ.
ગોકુળમાં એક રાસ રચ્યો છે, કહાન કુબજા સંગ અટકયોરે. કઠણ.
કાળી છે કુબજાને અંગે છે કુબડી, એ શું કરી જાણે લટકોરે કઠણ.
એ છેરે કાળોને એ છે કુબડી, રંગો રંગ બન્યો ચટકોરે. કઠણ.
મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, ખોળમાંથી ઘુંઘટ ખટકયોરે. કઠણ.

૮૨

કાગળ કોણ લઇ જાયરે, મથુરામાં વસે મેવાશી.
એરે કાગળમાં ઝાઝું શું લખીએ, થોડે થોડે હેત જણાયરે. મથુરામાં.
મિત્ર તમારા મળવાને ઇચ્છે, જસોમતા અન્ન ન ખાયરે. મથુરામાં.
સેજલડી તો મને સુનીરે લાગે, રડતાં તો રજની જાયરે. મથુરામાં.
મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ, ચરણ કરળમાં ચિત્ત જાયરે. મથુરામાં.

૮૩

તમે બોલો મેરી રસના હરિરે હરિ,
હરિરે હરિ તમે ફરીરે ફરી. તમે બોલો.
ગરૂડે બેસીને ગોવિંદજી પધાર્યા,
શંખ, ચક્ર, ગદા ધરીરે ધરી. તમે બોલો.

હંસ વાહન કરી બ્રહ્માજી પધાર્યા,
વેદ ચારની ધુન કરીરે કરી. તમે બોલો.
ઉંદરે રે બેસીને ગણપતિ પધાર્યાં,
સાથે સુદ્ધ બુદ્ધ સુંદરી તમે બોલો.
મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ
એક વાર કહોને શ્રીરે હરિ. તમે બોલો.

૮૪

મેરો મન હરી લીઓ, રાજા રણછોડ
ત્રીકમ, માધવ, ઓર, પુરૂષોત્તમ, કુબેર કલ્યાણકી જોડ. મેરો.
રાધા રૂક્ષ્મણી ઓર, સત્યભામા જાંબુક વરણીરે જોડ. મેરો.
ચાર પાસ રત્નાગર ગાજે, ગોમતી કરત કલોલ. મેરો.
મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણ હરિ મારા દલડાનો ચોર. મેરો.

૮૫

નારાયણનું નામજ લેતાં, વારે તેને તજીએરે.
મનશા વાચા કર્મણા કરીને, લક્ષ્મીવરને ભજીએરે. નારાયણ.
કુળને તજીએ કુટુંબને તજીએ, તજીએ માને બાપરે
ભગની સુત દારાનેરે તજીએ, જેમતજે કુચુંકી સાથેરે. નારાયણ.
પ્રથમ પિતાં પ્રેહેલાદે તજીઓ; નવ તજીયું હરિ નામરે,
ભરત શત્રુઘ્નને તજી જનેતા, નવ તજીઆ શ્રી રામરે. નારાયણ.
રૂષી પત્નિ હરિને કાજે, તજ્યા નીજ ભરથારરે,
તેમાં તેનું કાંઇએ નવ ગયું, પામી પદારથ ચારરે. નારાયણ.
વૃજનિનારીવિઠ્ઠલને કાજે, સર્વે તજી વન ચાલીરે;
ભણે નરસૈયો વૃંદાવનમાં, મોહન સાથે માહાલીરે. નારાયણ.

૮૬

લેહ લાગી મને તારી અલ્યાજી, લેહ લાગી મને તારી
કામ કાજ મૂક્યુંને ધામજ મૂક્યું, મનમાં ચાહું છું મોરારીરે. અલ્યાજી.
ખભે છે કામળી ને હાથમાં છે વાંસળી, ગોકુળમાં ગાયો ચારીરે. અ.

સોળ શહસ્ત્ર ગોપીઓને તમે વર્યા, તોય તમે બાળ બ્રહ્મચારીરે. અ.
મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણુ, ચરણુ કમળ બલિહારીરે. અ.

૮૭

હું જાઉંરે જમુના પાણીડાં, એક પંથ દો કાજ સરે,
જળ ભરવું બીજું હરિને મળવું દુનીઆ ભોળી દાઝે મરે. હું.
અજાણપણામાં કંઇ નવસૂજ્યું, જસોદાજી આગળ રાડ કરે. હું.
મોરલી વજાડીવાલો મોહ ઉપજાવે, નલવલ મારો જીવ ફફડે. હું.
વૃંદાવનને મારગ જાંતા, જનમ જનમની પ્રીત મળે. હું.
મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણુ, ભવસાગરનો ફેરો ટળે. હું.

૮૮

હાંરે જાઓ જાઓ જીવણુ જુઠડા, હાંરે વાત કરતાં અમે દીઠડારે. જાઓ
સૌ દેખતાં વ્હાલો આણુ કરે છે, મારે મન છે મીઠડારે. જાઓ.
વૃંદાવનની કુંજ ગલીમાં, કુબજા સંગે મે દીઠડારે. જાઓ.
ચંદન પુષ્પને માથે પટકો, વળી માથે ઘાલ્યાં તા પીછંડારે. જાઓ.
મીરાં કહે પ્રભુ ગીરધરના ગુણુ, મારે મન છો મોઠડારે. જાઓ.

૮૯

હાંરે ચાલો ડાકોરમાં જઇ વસીએ,
મને લેહ લગાડી રંગ રસીએરે. ચાલો.
પ્રભાતના પહોરમાં નોબત વાજે, હાંરે અમે દર્શન કરવા જઇએરેચાલો.
અટપટી પાઘ કેશીરીયો વાઘો, કાને કુંડળ સોહઇએરે. ચાલો.
પીળાં પીતાંબર જરકશી જામો, હાંરે મોતન માળાથી મોહીએરે. ચાલો.
ચંદ્ર બદન અણી આરી આંખો, હાંરે મૂખડું સુંદર સોહઇએરે. ચાલો.
રૂમ ઝુમ રૂમ ઝુમ નેપૂર વાગે, હાંરે મનડું મોહ્યું મારૂં મોરલીએરે. ચાલો.
બાઇમીરાં કહે પ્રભુ ગીરધરના ગુણુ, હાંરે અ ગોઅંગે જઇને મળીએરે.ચાલો.

૯૦

હાંરે લટકાળો ગિરીવરધારી, મને મારી નેન કટારીરે. લટકાળો.
હારે આજ વ્હાલો જમનાની તીરે,

એની રૂપ રસીક છબી ન્યારીરે. લટકાળો.
હાંરે શામળીએ કહ્યું મને સાનમાં,
એની છબી પ્રોણથી પ્યારીરે. લટકાળો.
હાંરે હરિ ભટના કરિએ કર્યું કામણ,
મારી સુધ બુધ સરવે વિસારીરે. લટકાળો.

૯૧

હાંરે જમુનાની તીરે વ્હાલો, સો જીવણને જોવા ચાલોરે. જમુનાની.
હાંરે જમુનાની તીરે વ્હાલો ધેન ચરાવે
મોરલી બજાવે નંદલાલોરે. જમુનાની.
હાંરે ઘણે દહાડે ઘેર આવ્યા નહિં જાવા દેઉ
મટે મનુષા દેહીનો લ્હાવોરે. જમુનાની.
હરિ ભટના હરી છો રંગ રસીયા
માટે ધરીને ઘરમાં ઘાલોરે. જમુનાની.

૯૨

હાંરે મોહનની મોરલી વાગી, હુંતો ભર નિદ્રાથી જાગીરે. મોહન.
હાંરે હુંતો ઘરમાં સહુ નિદ્રામાં મૂક્યાં,
ગઇ સખી જ્યાં બડ ભાગીરે મોહન.
હાંરે હવાલે પ્રેમ ધરીને રાસ રમાડયા
મારા ભવની ભાવટ ભાંગીરે. મોહન.
હાંરે હરિભટના હરીએ દીધાં દરસન
મારી વિરહ વેદના ત્યાગીરે. મોહન.

૯૩

હાંરે વિઠ્ઠલ વળગોમા હમને, પ્રભુ લાજ નથી કાંઈ તમનેરે. ૧ વઠ્ઠલ.
હાંરે સહુ સખીઓ ગઈ મને રોકી. રહો આઘા કહું હું તમનેરે. વિઠ્ઠલ.
હાંરે ઘેર જઇ સહુ સખીઓ કહેશે, તેની બીક ઘણી છે મનેરે. વિઠ્ઠલા.
હરી ભટના હરી આજે જવાદો, વાલા કાલે મળીશ હું તમનેરે. વિઠ્ઠલા.

૯૪ (ગરબી)

તારી ભક્તિ બોડાણાને ભાવીરે, રણછોડ રંગીલા.
જમણા હાથમાં તુળશી વાવીરે, ,,
છઠ્ઠે* માસે તે ઠેઠ ચઢાવીરે, ,,
મહા મજલો કીધી મધરાતેરે, ,,
આવ્યા આવ્યા બોઢણાની સાથેરે, ,,
દેશ ગુજરાતમાં દયા કરીરે, ,,
વ્હાલો ઉમરેઠે આવીને રહ્યારે, ,,
ત્યાં તો પગલાં પુજાય છે તારારે, ,,
ત્યાં તો પ્રગટ પારખું કીધુંરે, ,,
આખા લીમડામાં એક ડાળ મીઠુંરે, ,,
સૌને દરશન થાય છે સારાંરે, ,,
ત્યાં તો કાબાને થઇ છે જાણરે, ,,
લાભ લેવાને આવ્યા કાબારે, ,,
કાબા દોડેને ભગત થઈ રાભારે, ,,
આશારામને આશરો તારોરે, ,,
વ્હાલા તરીને પાર ઉતારોરે, ,,

૯૫ (ગરબી)

તમે આવ્યાને મેં નવ જાણ્યુંરે, કાનજી નંદલાલા
ઘણું હમારા દલડામાં આવ્યુંરે, ,,
હમને મેલીને મથુરામાં ગયારે, ,,
કાળી કુબજાના કાન તમે થયારે, ,,
કાન કાળાને કુબજા ખોડીરે, ,,
એની ભલી બીરાજે જોડીરે, ,,
ઘેર આવો કાન તમે શામળારે, ,,
તમે મેલી દો મનના આમળારે, ,,
તમ લટકે કંસાસુર રોર્યોરે, ,,
લટકે ગોવરધન તોર્યોરે, ,,

તમે લટકે પુતનાને મારીરે, ,,
વ્હાલે લાતે શકટાસુર માર્યોરે, ,,
તરણાવંતને કીધો ચકચુરરે, ,,
પછી માર્યો તે બગાસુરરે, ,,
તવ કંસ થયો છે ક્રુર રે, કાનજી નંદલાલા
પછી માર્યો તે અગાસુર રે, ,,
રામા અવતારમાં લંકા બાળીરે, ,,
વ્હાલે પાણીમાં પાજતો બાંધીરે, ,,
સઘળી સૈન્યા લંકામાં આવીરે, ,,
પેલા રાવણને નાંખ્યો મારીરે, ,,
લીધી ભક્તની સંભાળ સારીરે, ,,
તમો સીતાને લાવ્યા વારીરે, ,,
તમો બીમકની બલીહારીરે, ,,
કીધી સ્થાપના તમે સારીરે, ,,
તારા લટકાના બહુ કોડરે, ,,
એમ કે છે દાસ રણછોડરે, ,,

૯૬

અરજ કરે છે મીરાં રાંકડીરે, ઉભી ઉભી મીરાંબાઇ
મણીગર સ્વામી મારે મંદિર પધારો,
સેવા કરૂં દીન રાતડીરે, ઉભી ઉભી મીરાંબાઇ.
ફુલનારે તોરા ને ફુલનારે ગજરા,
ફુલની તે હાર ફુલ પાંખડીરે, ઉભી ઉભી મીરાંબાઈ.
ફુલની તે ગાદી, ફુલનારે તકીઆ
ફુલની તે પાથરી પીછોડીરે, ઉભી ઉભી મીરાંબાઇ.
પચ પકવાન મીઠાઇને મેવા,
સવૈયાં ને સુંદર દહીંડીરે, ઉભી ઉભી મીરાંબાઇ.
લવંગ સોપારીને એલચીરે,
કાથા ચુનાની પાન બીડલીરે, ઉભી ઉભી મીરાંબાઇ.

સેજ બીછાવું ને પાસા મંગાવું,
રમવા આવે તો જાય રાતડીરે, ઉભી ઉભી મીરાંબાઇ.
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધર નાગર
તમને જોતામાં ઠરે આંખડીરે, ઉભી ઉભી મીરાંબાઇ.

૯૭ (રાગ પ્રભાત)

જાગને જાદવા કૃષ્ણ ગોવાળીઆ તુજ વિના ધેનુમાં કોણ જાશે,
ત્રણસો ને સાઠ ગોવાળ ટોળે વળ્યા, વડો ગોવાળીઓ કોણ થાશે. જાગને.
દહીંતણા દહીંથરાં ઘીતણા ઘેબરાં કઢીએલ દૂધ તે કોણ પીશે. જાગને.
હરી તારો હાથીઓ કાળી નાગે નાથીઓ ભૂમિનો ભાર તે કોણ લેશે. જાગને.
જમુનાને તીરે ગૌધેન ચારતાં મધુરીશી મોરલી કોણ વાશે. જાગને.
ભણે નરસૈયો તારા ગુણ ગાઇ રીઝવું બુડતાં બાવરી કોણ સ્હાશે. જા૦

૯૮. (રાગ કોલેરો.)

વારો જસોદા તમારા કુંવરને શાન કરી સમજાવોરે,
આશી બીજમે ધુમ મચાવે ખાએ નહિ લગારરે. વારો.
સીકેથી મારું ગોરશ ઢોર્યું. ઉઘાડીને ઉધું વાર્યુંરે
ખંખારતાં ખોલ પડે છે બીએ નહિ લગારરે. વારો.
મહીં મધવાની ગોળીરે ફોડી, આશા કહીએ લાડરે,
વારે બારે વારૂ વિઠ્ઠલાજી ભાર નહિ રાખું લગારરે. વારો.
નીત નીત ઉઠીને સંતાપોવાલા મારે તો ગરબારરે,
માખણ ખાધું ને ઢોળીરે મૂકયું સર્વે કીધું છે ખુવારરે. વારો.
લાડકડો લઘુવેશે છે વેદ, આવે તો વારંવારરે.
આવડો કુંવર ઘરમે હું તો તમે કહોછો બ્હારરે. વારો.
દહીં દૂધના માટ ભર્યાં છે ચાખે નહિ લગારરે.
ત પાંચ તો ટોળે મળીને સોર કરે અપારરે,
સાચોરે નરસૈઇઆનો સ્વામી જુઠી તે બીજનારરે. વારો.

૯૯. (આરતી.

હરિ ૐ હરિ ૐ અખિલ જગના સ્વામી
પ્રણમું અંતર્યામી, નમન કરૂં શીશ નામી, હરિ૦

પુત્ર રૂપે પ્રગ્નીને દેહ તો પ્રભુ તારી,
પદરજને પ્રતાપે, અહલ્યા ઉદ્ધરી. હરિ૦
ધ્રુવ અને અંબરિતષ આવચળ પદ પમ્યા,
પ્રભુ ભક્તિ પ્રતાપે, ઋષિ મુની વિરામ્યા. હરિ૦
પ્રભુ ભક્તિ જનોની ભીડ હરવા હરિ તમે ધાયા,
નિરાકાર સાકાર બન્યા કરી માયા. હરિ૦

૧૦૦. થાળ.

વાલાને ચુરમું ભાવે, બીજું કાંઇ કામ નહિ આવે
સેવ લાપશીના રૂડાં કુંડાં, વેળમીના શા ભાર,
દુધપાક સાથે પુરી આલું, પણ ચુરમું સરદાર,
વાલાને ચુરમુ ભાવે
ખાજા કીધા ખાજલી કીધી, ઉપર આપું દહી, વાલાને.
સાન વાનીના સુખડી આલું, પણ ચુરમા જેવું નહિ,
શાક સુંદર કોરાં કીધાં, મસાલો છે સહી,
પાપડ કાચર કાચલી આલું, પણ ચુરમાં જેવું નહિ. વાલાને.
દાળ કીધાં ભાત કીધાં કઢી કીધી સહી,
ઉપર લચકો ઘીનો આલું, પણ ચુરમાં જેવું નહિ. વાલાને.
જમના જળની ઝારી આલું, બીડલી આલું સહી,
મીરાંના સ્વામી હો શામળા, તમે દર્શન દેજો અહીં. વાલાને.

૧૦૧ (થાળ)

મારે મંદીરે આવોની મોહન જમવાજો,
સાથે સર્વે સરખાને તેડી લાવોની મન ગમવાજો. મારે મંદીરે.
ખાજાં દહીંતરા જલેબી પેંડા લાડવાજો,
મેંતો ભરાવીઆ ઘરાકુ ઘીના ધાડવાજો. મારે મંદીરે.
શીરો સાકરને કંસાર કર્યોજો,
ગળ્યા ગુંદરના લાડવા લાગે ગળ્યાજો. મારે મંદીરે.
દુધપાક પૂરી માલપુડા સર્વ કર્યાજો,
ઉના ભજીઆં મેલું તો લાગે ફસરાંજો. મારે મંદીરે.

બાસુદી શીખણુ કેરાંને બરફી પૂરીજો,
મહીં દહીં તણું રાઇતું મેલું ફરીજો. મારે મંદીરે.
કારેલા કંટોલાં દૂધી ગલકાં ઘણાંજો,
ઉના લીલવા મેલું તે લાગે ફસરાંજો. મારે મંદીરે.
શાક શુરણ ગુવાર ફળી ભીડાં કર્યાંજો,
મહીં આંબા રસ મેલું ઘોરી કરીજો. મારે મંદીરે.
ચોલાઇ મેથી પાલખ ભીમડો ભાજી કરીજો,
હરિને જમવાને જુક્તિ બનીજો. મારે મંદીરે.
મેં તો પ્રીતે કર્યાં છે પતડવેલીઆંજો,
મહીં ભાવતાં ભોજન મેલીઆંજો. મારે મંદીરે.
દાળ ભાત કળી ભોજન છપન્ન ભાતનાજો,
કાના અથાણાં મેલું જુદી જાતનાજો. મારે મંદીરે.
ઝારી સોનાની જમના જળ પીજીએજો,
કર પંખાળીને ચર્ણામત કીજીએજો. મારે મંદીરે.
બીડી લવેંગ સોપારી એલચી લીજીએજો,
હરિદાસને કરૂણા કીજીએજો. મારે મંદીરે.

૧૦૨. (જીવને બોધ)

કૃષ્ણ કેતાં શું બેસે નાણું, મુરખ તને કૃષ્ણ કેતાં શું બેસે નાણું;
મીથ્યારે લવારી મનગમતી કરે છે,
તેમાં નહિ ઠામ ઠેકાણું. મુરખ તને.
ખાતો ન હોય તો માંદોરે કહીએ,
જોઇએ બશેરનું ભાણું. મુરખ તને.
દામ ન બેસે ને હાડ ન ભાંગે, ગાતાં ગોવિંદજીનું ગાણું. મુરખ તને.
સુરદાસ કહે તમે હરિને ભજી લ્યો,
ઓચીંતું આવશે આંણું. મુરખ તને.

૧૦૩ (ગરબી)

ચેતરે ચેત્યો ના અવસર ફરી ફરી નહિ મળશેરે,
જોબન જાતાં વાર ન લાગે જરા આવીને અડશેરે.

અડશેરે ત્યારે નહિ રહેવાશે થરથર કાયા ધ્રુજેરે,
માયાની અંધારી બાંધી તેમાં કાંઇ નવ સુજેરે;
સુજે ક્યાંથી સમજણુ ટુંકી કુટુંબ કબીલો લેવાયારે,
અવળે સવળે બંધન બાંધ્યો હાથે શું બંધાઓરે,
મોહનો ભર્યો મચ્છર ભર્યો બસીને અંજાઓરે.
કહો ભાઇ એને શું જઇ કહીએ, મુરખ મનમાં ન આણીરે,
દૂરમતિ આગળ કંઇએ ની ચાલે આપોઆપ વખાણેરે.
નારી સાથે નેહ ઘણાને, ઘણા કરી ઘેર જાયેરે,
ધાસ તને ધુળજ મલી ગાંઠે બાંધી કોડી,
ઠાલા હાથે ઠાલા જવું શીદ મરો છો દોડી,
સગુંરે સાગવું સુખનું બેસી ધા મોલેશે છોડીરે,
વળાવીને પાછા વળશે પ્રીત પલમાં તોડીરે,
કોઈ એક ડગલાં પંદર ચાલે ભલો હોય તો ત્રીસરે,
સંસારનું સુખ જોતામાં અંતે સઘળું ખોટુંરે,
ખોટામાંથી ખરૂં કરીને તત વાળજો તાણીરે,
સાધુજનની સંગત કવિ ભજવા સારંગ પ્રાણી,
એશી માંખણુ માન્યા સરખો માની લેજો,
કોઇ આવ્યા છો તમે લાભ કમાવા જાશો મુડદું ખોઈએ;
ખોઈ નાજા શોખ તાં ખાસો કહ્યું તે કેમ નથી કરતોરે.
વણુ કામે અપડાતા ફરો પાપે પેટ ભરતારે;
પર નીંદા ખોળો છે પુરો કેમ પડશે જાણીરે;
જાણી ને તેં બાંધ્યું તાણી જુઠી વાત વખાણીરે
એક ઘડી એકાંને બેસી હારે નામ ન લીધુંરે,
અમૃતનો રસ અળગો કરી વીખ હળહળ પીધુંરે,
પાવા પૂરણુ તૂન ધરાયો જોયું નહિ વિચારીરે;
દાસ કવા રંકી કહે હરિ ભજલ કરજો સૌ હરિરે.

૧૦૪ ધનાશ્રી

જમુનામે જાએ પડયોરે કનૈયો મારો જમુનામાં જઈ પડયોરે
જલ જમુનાજીકા ઘેરાંધરા પાણી, દેખત ક્યું ના ડરેરિ, કનૈયો
કલ્પાંત હે વાંકી માતા જસોદા ને ન માનીયે ભયેરિ, કનૈયા
કંશકે ઘેર બધત બંધાઇ, મોતીઓનો ચોક પૂરેરિ; કનૈયા
પેશી પાતાળે કાળી નાગ નાથ્યો,
ફેણુ પર નાચ કર્યોરિ, કનૈયા
સુરદાસ કહે પ્રભુ તમારે મીલનકો
જન્મ કો સાલટ કર્યોરિ કનૈયા

૧૦૫

ખેતી ખેડો હાર નામકી, સંતો ખેતી ખેડો હરિ નામકી
એરે ખેતીમાં ખોટ નહિ આવે
ફીકર નહિ કુચ્છ કામકી. સંતો.
શાન હીડે તો ચોર ન લૂટે,
ભે નહિ જમ કારકી. સંતો.
સુરદાસ કહે પ્રભુ તમારે મીલકકું,
ચરણુ કમળ ચિત્ત દામકી. સંતો.

૧૦૬

રામને રામને રામને મન સમરો સીતા રામને,
આઠ પહોર દિવસને રજની,
શું મોહી રહ્યા ખોટી કામને. મન સમરો.
મારૂં તારૂં કરતોરે હીડે છે,
શું મોહી રહ્યો ખોટી દામને. મન સમરો.

વસ્ત્ર વાધામાં શું વવાયે,
શું મોહી રહ્યો દેહી ચામને. મન સમરો.
સુરદાસ કહે પ્રભુ તમારે મીલનકું,
છોડી દીધો અભિમાનને. મન સમરો.

૧૦૭

પલકનો પલકનો પલકનો સંતો પ્રાણ.
પરોણો પલકનો,
ઘડી એકમાં તારે ઉઠીને જાવું,
ગાત્ર નમાવું બધા મુલકનો. સંતો.
રામજીના દાસના સૌભાગ્ય મોટા,
તો છાપા તુળશી તીલકનો. સંતો.
જુઠીરે માયાને ખોટી કાયા,
તો ખોટો ધંધો બધા મુલકનો. સંતો.

૧૦૮

સુખ દુઃખ મનમાં ન આણીએ, ઘટ સાથેરે ઘડીયાં;
ટાળ્યાં તે કોઇના નવ ટળે, રઘુનાથના જડીયાં. સુખ.
નળ રાજા સરખો નર નહિ, જેની દમયંતી રાણી;
અર્ધ વસ્ત્રે વનમાં ભમ્યા, ન મળે અન્નને પાણી. સુખ.
પાંચ પાંડવ સરખા બંધવા, જેની દ્રૌપદી રાણી;
બાર વરસ વન ભોગવ્યાં, નયણે નિંદ્રા ન આણી. સુખ.
સીતા સરખી સતી નહિ, જેના રામજી સ્વામી;
રાવણ તેને હરિ ગયો, સતી મહા દુઃખ પામી. સુખ.
રાવણ સરખો રાજીઓ, જેને મંદોદરી રાણી;

દશ મસ્તક છેદાઇ ગયા, બધી લંકા લૂટાણી. સુખ.
હરિશ્ચંદરાય સત વાદીયો, તારા લોચની રાણી;
તેને વિપત્તી બહુ પડી, ભર્યાં નીચ ઘેર પાણી. સુખ.
એ વિચારી હરિને ભજો, તે સાયજ કરશે;
જુઓ આગે સાય ઘણી કરી, તેથી અર્થજ સરશે. સુખ.
સર્વે કોઇને જ્યારે ભીડ પડી, સમર્યા અંતરજામી;
ભાવટ ભાંગી ભૂધરે, મહેતા નરસંઇના સ્વામી. સુખ.

૧૦૯

જય દેવ નમું હું સીતા પતિને
સીતા પતિને લક્ષ્મી પતિને જયદેવ

અરે આ અગમ અગોચર,
દશરથ નંદન શાંતી આપો તમો
તમો માતા, તમો પિતા
દીયો શુભ મતિને, જયદેવ

અરે આ અવધ બલીહારી
કૌશલ્યાને નીતે કરજો રાજી
વૃથા ગૃથા વાણી વદો
મારી અલ્પ મતિને જયદેવ

નારદ સારદ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ
ગુણ તારા ગાતાં અમે
પ્રભુ તારી ગતી ન્યારી
જાઉં વારી બલીહારી જયદેવ

૧૧૦

જાય છે જગત ચાલ્યુ રે એ। જીવ જોને

જોને તું પાટણ જેવા સારા હતા શહેર કેવા
આજતો ઉજ્જડ એવારે, એ। જીવ.

વળી સિંધપુરવાળો. મોટો જોને રૂદ્ર માળો
રહ્યો નહિં તે રૂપાળોરે, એ। જીવ.

રૂડા રૂડા રાણી જાયા; મેળવી અથાગ માયા
કાળે તેની પડી કાયારે, એ। જીવ.

છત્રે જેને છાયા થતી, રૂડા જેની હતા રતિ
ક્યાં ગયા કરોડ પતિરે, એ। જીવ.

મરી જોઅ આજારી થતા, હાજર હકીમ હતા
તેના તો નવ લાગ્યા પત્તારે, એ। જીવ.

કોઇતો કેવાતા કેવા, આભના આધાર જેવા
ઉડી ગયા એવા એવારે, એ। જીવ

જુવાનીમાં જતા જોઇ, રાખી શક્યા નહિ કોય
રહ્યાં સગાં સર્વે રોઈ રે એ। જીવ.

હાજર હંમેશ રહેતા, ખમા ખમા ખમા કહેતા
વિશ્વમાંથી ગયા વહેતારે, એ। જીવ.

મુવા જન જેની સાથે, હેતથી પોતાને હાથે
મરણુ ન મટયું માથેરે, એ। જીવ.

જશ લીધે। શત્રુ જીતી, નવિન ચલાવી રીતિ
વેળા તેની ગઇ વીતીરે, એ। જીવ.

જગમાં ખુબ જામ્યાં, વેર વાળીને વિરામ્યાં
પણ તે મરણ પામ્યાંરે, ઓ જીવ.
નેક નામદાર નામે, ઠર્યો જઇ શમશાને
દીઠા દલપતરામેરે, ઓ જીવ.

૧૧૧

ચેતતો ચેતાવું તનેરે, પામર પ્રાણી
સજી ઘરબાર સારૂં, મીથ્યા કહે છે મારૂં મારૂં
તેમાં નથી કસું તારૂંરે, પામર
તારે હાથે વપરાસે, તેટલુંજ તારૂં થાશે
બીજું તો બીજાનું થાશે, પામર
માખીઓરે મધ કીધું, ન ખાધું ન દાન દીધું
લુંટનારે લૂંટી લીધુંરે. પામર
ખંખેરીને હાથ ખાલી ઓ ચીંતાનું જવું ચાલી
કરે માથા કુટ ઠાલીરે. પામર
સાહુકારીમાં છવાયો, લાખો પતિનું લખાયો
કહે સાચું શું કમાયોરે, પામર
આવ્યો ત્યારે હતો કેવો, કમાયો તું માલ કેવો
અવેજ તપાસ તેવોરે, પામર
દેવે નર તનું દીધી, તેની તો નવ કિંમત કીધી
મણી સાટે મેસ લીધીરે. પામર
ખોળામાંથી ધન ખોયું ધળથી કપાળ ધોયું
જાણુ પણું તારૂં જોયુંરે. પામર

હજી હાથમાં છે બાજી, પ્રભુને તું કર રાજી
તારી મૂડી કર તાજીરે, પામર
હાથમાંથી બાજી જાશે, પછીથી પસ્તાવો થાશે
કશું ન કરી શકાશેરે, પામર
મનમાં વિચાર તારો, મનમાં રહી જનારો
વળતી ના આવે આરોરે. પામર
નિસર્યો જ્યાં શરીરથી, પછી તું માલીક નથી
દલપતે દીધું કથીરે. પામર

૧૧૨ ધીમા ધીમા ચાલોની એ રાગ.

માનો માનોની આજ મારી વાણુરે
ભક્તોના પૂરણ કામ થશે, પ્રભુ આવી મલશે એ છે નિર્વાણુરે
માનો

સાખી.

જે જન કરશે ભાવથી, ભક્તિ શ્વાસો શ્વાસ
તે નર નક્કી પામશે, વૈકુંઠમાં નિવાસ
ભક્તિ વિના તો મુક્તિ થશે નહિ
ભવ સાગર તો તરાશે નહિ
એ છે નિર્વાણુરે, માનો

૧૧૩ થઇ પ્રેમ વશ પાતળીઆ

થઇ પ્રેમ વશ શામળીઆ
સુજનના સ્વાથિ બલીયારે થઇ
કર્મા બાઇનો ખીચડો આરોગ્યો, ખાધી વીદૂર ઘર ભાજી
ભગવાન કરે બહુ બાજી સુજના. થઇ

નરસિંહ મેહેતાને હાર આરોપ્યો, મીંરાના ઝેર પીધાં
પાંડવ કામ કીધાં સુજનના. થઇ
નરસિંહ મહેતાની હુંડી સ્વીકારી, સબરીનાં બોર ખાધાં,
ભકતોનાં દુઃખ હરિ લીધાં. સુજનના. થઈ.

૧૧૪ (શું કહુ કથનીનો રાગ)

ભક્તને સહાયકારી, રામ ભકતોને સહાયકારી,
અહલ્યાને ઉગારી રામ. ભકતો.
દ્રોપદીના ચીર પૂર્યાં, પ્રલ્હાદ સ્થંભે આવ્યા;
શત્રુનો સંહાર કરીને, ભકતોને બચાવ્યા રામ. ભકતો.
જે જન ઇશની ભક્તિ કરશે, ભવસાગરથી તરશે;
પ્રભુને જેણે ઓળખ્યા તેને, મોક્ષ પદારથ મળશે રામ. ભકતો.

૧૧૫

મનુષ્ય અવતાર શીદ ખુએ, આવોરે રૂડો. મનુષ્ય.
સંસારી જન કહે અમે છીએ સુખીઆ,
ધન પુત્રને જુવે. આવોરે.
હેતે હુલાવેને પ્રીતે પરણાવે,
મુંવાને ધ્રુસકે રૂવે. આવો.
હરિને વીસારેએ જીતી બાજી હારે,
ફૂટેલી દોણીમાં દૂધ દુવે. આવોરે.
કહેતાં પાર નહિ એવા ઉંધા અજ્ઞાનીઓ,
દેખી પાખીને પડે કુવે. આવેરે.

૧૧૬

જાય છે જુવાની તારી, હરિના ભજન વિના જાય છે જુવાની,
કાયા તારી કંચન જેસી, મોતા જેસા પાની,
મુવા કેડે બાળી મૂકશે, ઉડી જાશે વાની. હરિ.
જાતી રહશે જુવાનીને, પછી થાશે હાની;
છાના માના જમ આવશે, લઇ જશે તાણી. હરિ.
માયા તમે મુકી દોને, થાઓ ન અજ્ઞાની;
નરસંઇઆનો સ્વામી સાચો, દુનીઆ દીવાની. હરિ.

૧૧૭

સાચું સગપણ કરવું, મનવા સીતા રામનુંરે
સીતા રામનુંરે, સુંદીર શ્યામનુંરે. સાચું.
સગાં સંબંધી માયા જુઠી, મિથ્યા મરો છો માથું કુટી,
સાચું સગપણ અંતે હરિનું કામનુંરે. સાચું.
ભક્તિ વશ ભુધરજી પ્યારો, ભક્તોની પીડા હરનારો,
સ્હાય નક્કી કરનારો આ રામનુંરે. સાચું.
માયા સર્વે મોંઘી કીધી, સોંઘી ભક્તિ છોડી દીધી,
દેતાં પ્રભુનું નામ દામ નહિ કામનુંરે સાચું.
ભકિત છે ગંગાનું પાણી, કંઇ જન પીતાં ઉલટ આણી,
રામ નામ છે અમૃત મોક્ષનાં ધામનુંરે. સાચું.
હંશો જાતાં કાયા નકામી, માયાને મુરાદ નકામી,
રટણ કરીલે માટે સીતારામનુંરે સાચું

૧૧૮

કે તે ગયે જખમાર ભજન વિના કે તે ગયે જખમાર

પ્રભાતે ઉઠી નાવત ધોવત, પાલત હે આચાર–ભજન

દયાધર્મકો નામ ન જાણ્યો, એસો પ્રેત ચંડાળ–ભજન.

આપ ડુબે ઓર ન કુ ડુબાવે, ચાલે લોભકી લાર–ભજન.

માળા છાપા તીલક બનાયા, ઠગ ખાયે સંસાર–ભજન.

સુરદાસ ભગવંત ભજન વીના, જાય નર્કકે દ્વાર–ભજન.

૧૧૯

કાયકુ દેહ ધરી ભજન વીના કાયકુ દેહ ધરી,

ગર્ભવાસમાં ભક્તિ કબુલી, બહાર કહાડયો શ્રીહરિ–ભજન.

કોલ દેકર બહાર નીકળ્યો, પીછે બુદ્ધિ ફરી–ભજન.

સુરદાસ ભગવંત ભજન વીના, જનુની તેરી ભારે મરી–ભજન.

૧૨૦

બાનાની પત રાખ પ્રભુ તારા બાનાની પત રાખ,

બાનારે માટે જો દુઃખ દેશો, તો કોણુ જપે તારો જાપ. પ્રભુ.

રોહીદાસની તમે પાતરી લીધી ને, નવ જોઈ જાત કે નાત,

સોનાના માટે સનમુખ રહીને, તમે નાઇ કેવાયા હો નાથ. પ્રભુ.

પ્રેલ્હાદની તમે પ્રતિપાલણુ, પાળીને સ્થંભમાં પૂર્યો વાસ,

તેલની કળા તમે શિતળ કીધી, સુધનવાને પાસ. પ્રભુ.

પાંચાળીના ચીર પૂર્યાં ને, રાખી સભામાં લાજ,

સાગરમાંથી બુડતો રાખ્યો. રામ કહેતામાં ગજરાજ. પ્રભુ.

ઝેર હતાં તેને અમૃત કીધાં ને, આલ્યા મીરાને હાથ,

મહેતાને મંડળીક મારવા આવ્યો, ત્યારે કેદારો લાવ્યા મધરાત પ્રભુ.

ભક્તોના તમે સંકટ ભાંગ્યા, ત્યારે દૃઢ આવ્યો વિશ્વાસ,
તુળશીના સ્વામીને કહું કરજોડી, પૂરો અંતરની આસ. પ્રભુ.

૧૨૧

જોડી જોડી જોડીરે નર કાયકુ માયા જોડી, નર૦
જમીન ખોદી માયા ઉંડીરે ઘાલી, તોયે કહેશે અબ થોડીરે. નર૦
એ નર જાણે માયા સંગ ચલેગી, તારો લેશે કંદોરો છોડીરે. નર૦
પંચ હાથ કપડું લોક લાજકુ, તે ઉપર દાભકી દોરીરે. નર૦
બેચાર બટોઆ લઇ ચલેગા, તું ચઢ બેઠેગી કાષ્ટકી ઘોડીરે, નર૦
તાંબા કાંસાનો પાર ન આવે, તોયે કહાડે ખોખરી દોણીરે. નર૦
માતા પિતા સબ રોનેકુ લાગે; સ્વારથને સૌ મોડીરે. નર૦
કહેત કબીરા સુન ભાઇ સાધુ, ફુંકી દીધી જેસી હોળીરે. નર૦

૧૨૨

એક દીન એકલા જાવું છે, જીવ જપી લે હરિ,
જપી લે હરિરે અંતે જાવું છે મરી. એક.
પવનથી પુતળા સહુ, હાલે ચાલે છેજી,
પળમાં જાસે જોપવન જયો નીકળી. અંતે.
ધનને ધામ તારા કામ ન આવે ભાઇ,
ઠાલી મુઠી ઠાલી જાસે તો ખરી. અંતે

૧૨૩

જે સંતને સંતાપે પાપી જન
તેનેરે જમરા નહિરે છોડે.
નહિરે છોડે જમરા નહિ છોડે. જે સંતને.

અવધ આવી કે ઝાલી જાસે દરમાંસમાંજી.
લેશે પળપળના હિસાબરે, મુર્ખ માનવી. જે સંતને.
પાપને પૂન્ય તો ત્યાં થાસે સરવાળોજી,
લેશે જમા ઉધારની તપાસરે હવાન. (૨) જે સંતને.
રાય ને રંકનો ત્યાં એક છે આરોજી,
ઉતાર્યા રાજા રાવણના ગુમાનરે નાદાન. (૨) જે સંતને.

૧૨૪ (રાગ કનરો)

આ તન ધનનું નથી કામ મારે. હું હરિ શરણ પડયો છું તારે. આ તન.
પુત્ર પવિત્ર કલત્ર અમારા, ચાકર ઠાકર ઠાઠ તમારા. આ તન.
ધામ ધરા સુખ ભોગ સુધારો, એ અખિલેશ્વર ખેલ તમારો. આ તન.
આધી ઉપાધી અધિક ભય આવે, આપ વિના કોણ સંકટ કાપે. આ તન.
આ અવતાર વૃથા થાય મારો આ ભવસાગર પાર ઉતારો. આ તન.
દિનદયાળ દયા કર દાતા, દુઃખના દિવસ નથી ખમાતા. આ તન.
વસ્તુ વિચાર વિવેક વધારો, પ્રેમ કરી પ્રભુ પાસ પધારો. આ તન.
બાહ્ય ધરો ધરણીધર મારી, આશા હવે એક છેજ તમારી. આ તન.
કેશવનાથ નથી કાંઇ કહેતો, રાખ તું લાજ હવે રેતો. આ તન.

૧૨૫ (સાચું સગપણ કરતું મનવા એ રાગ.)

ભજ ભજરે મનડા મૂઢ શીયાવર રામનેરે,
હાડમાંસનું પીંજર તારૂં. જો તપાસીને શું છે સારૂં
બહુ વ્યાધી ગ્રસ્ત પડનારૂં, ભજી લે શ્રી રામનેરે. ભજ ભજરે.
વેદ શાસ્ત્ર ગુરૂ વચનજ સાચાં. ધીક ધીક જેમાં છે કાચાં,
શું બતાવશે જઇ ડાચાં, ભજી લે રામનેરે. ભજ ભજરે.
દૈવી સંપત્ત દીલ નહિ ધારી, દીનપ્રતીદાન આસુરી વધારી,
નરક તણાં દુઃખ ભારી, ભજીલે રામનેરે. ભજ ભજરે.

ખટ કર્મો તું ત્યાગી બેઠો, ઉંચ પદવીથી પડવા હેઠો,
સ્વધર્મ વગર નથી નેઠો, ભજીલે રામનેરે. ભજ ભજરે.
પાપ પૂંન તુંજ સાથે આવે, દયાળુ સંતો બહુ સમજાવે,
ફરી ફરી મનુષ્ય દેહ નહિ આવે, ભજીલે રામનેરે. ભજ ભજરે.
કરણી ધરણીમાં ઓળખાવે, ગુરૂ શાસ્ત્ર પણ એજ બતાવે,
શુભ કર્મ વડે સુખ આવે ભજીલે રામનેરે. ભજ ભજરે.
ધ્યાન ધરે પ્રભુનું નરનારી, સન્મતી સત્ય સીલ મંગળકારી
સતસંગ તરવાની બારી, ભજીલે રામનેરે. ભજ ભજરે.
ભલા ભૂપતિ તજી ગયા છે, રાજપાટ રૂપાળી રાણી.
નહિ છોડે કામ સીર હાણી, ભજીલે રામનેરે. ભજ ભજરે.
આત્મારામ રમાપતિ ભજતા, નરહરિ નામ પ્રતાપે,
વિશ્વભંર પાલન કરતાં, ભજીલે રામનેરે. ભજ ભજરે.

૧૨૯. રાગ ઉપરનો

મારીનાડ તમારે હાથ હરિ સંભાળજો
મૂજને પોતાનો જાણીને. પ્રભુપદ પાળજોરે; મારીનાડ.
પથ્યા પથ્ય નથી સમજાતું, દુઃખ રહે સદા ઉભરાતું
મને હશે શું થાતું નાથ નિહાળજોરે. મારીનાડ.
અનાદિ આપ વૈદ છો સાચા, લેશ ઉપાય વિષે નહિ કાચા
દિવસ રહ્યા છે ટાચા વેળા વાળજોરે. મારીનાડ.
વિશ્વેશ્વર શું હજુ વિચારો, બાજી હાથ છતાં કા મારો
મહા મુંઝારો મારો નટવર ટાળજોરે. મારીનાડ.
કેશવ હરિ મારૂં શું થાશે, ધાણુ વજ્યો શું ગઢ ઘેરાશે,
લાજ તમારી જાશે ભૂધર ભાળજોરે. મારીનાડ.

૧૨૭

અહો રૂષી ઘટે ન તમને આવું, આવું આવું આવુંરે રૂષી ઘટે ન
તમને આવું.
સુર્ય ઉગ્યા પહેલા નાવુંને ધોવું, તપ કરવાને જાવુંરે. રૂષી.
ઢીમર પીતા મારા જાણે તો, શીશ છેદન કરે મારૂંરે. રૂષી.
હું છું બાળા બાળકુંવારી, લંછન લાગે મૂખ કાળુંરે. રૂષી.
નરસૈયાના સ્વામીની સંગેરે રમતાં, ચરણકમળ ચિત્ત લાવુંરે. રૂષી.

૧૨૮ (પ્રભાત)

મુજ અબળાને મોટી મીરાંતબાઈ, શામળો ઘરેણું મ્હારે સાચુંરે.
વાળી ઘડાવું વિઠ્ઠલવર કેરી, હાર હરિનો મ્હારે હઇએરે,
ચિત્ત માલા ચતુરભુજ ચૂડલો, શીદ સોની ઘેર જઇએરે. મુજ.
ઝાંઝરિયાં જીગજીવન કેરાં, કૃસ્ણજી કલ્લાંને કાંબીરે,
વિંછુઆ ઘુઘરા રામ નારાયણના, અણુવટ અંતરજામીરે. મુજ.
પેટી ઘડાવું પુરુષોત્તમ કેરી, ત્રિકમ નામનું તાળુંરે,
કુંચી કરાવું કરૂણાનંદ કેરી, તેમાં ઘરેણું મ્હારૂં ઘાલુંરે. મુજ.
સાસરવાસો સજીને બેઠી, હવે નથી કાંઇ કાચુંરે,
મીરાંબાઇ કહે પ્રભુ ગીરધર નાગર, હરિને ચરણે જાચુંરે. મુજ.

૧૨૯

ગોવિંદો પ્રાણ અમારોરે, મ્હને જગ લાગ્યો ખારોરે,
મ્હને મ્હારો રામજી ભાવેરે, બીજો મ્હારી નજરે ન આવેરે.
મીરાંબાઇના મેહેલમાંરે, હરિ સંતનનો વાસ,
કપટીથી હરિ દૂર વસે, મ્હારા સંતન કેરા પાસ. ગોવિંદો.

રાણોજી કાગળ મોકલેરે, દો રાણી મીરાંને હાથ,
સાધુ સંગત છોડી દ્યો, તમે વસોને અમારે સાથ. ગોવિંદો.
મીરાંબાઇ કાગળ મોકલેરે, દેજો રાણાજીને હાથ;
રાજપાટ તમે છોડી રાણાજી, વસો સાધુને સાથ. ગોવિંદો.
વિષનો પ્યાલો રાણે મોકલ્યોરે, દેજો મીરાંને હાથ;
અમૃત જાણી મીરાં પી ગયાં જેને સ્હાય શ્રી વિશ્વનો નાથ. ગોવિંદો.
સાંઢવાળા સાંઢ શણગારજોરે, જાવું સોસોરે કોશ;
રાણાજીના દેશમાં મ્હારે, જળરે પીવાનો દોષ. ગોવિંદો.
ડાબો મલ્યો મવાડરે, મીરાં ગઇ પશ્ચિમમાંય;
સરવ છોડી મીરાં નીસર્યાં જેનું, માયામાં મનડું ન કાંય. ગોવિંદો.
સાસુ અમારી સુષુમણારે, સસરો પ્રેમ સંતોષ;
જેઠ જગજીવન જગતમાં મ્હારો, નાવલિયો નિર્દોષ. ગોવિંદો.
ચુંદડી ઓઢું ત્યારે રંગચુએરે, રંગબેરંગી હોય;
ઓઢું હું કાળો કામળો, દુજો ડાઘ ન લાગે કોય. ગોવિંદો.
મીરાં હરિની લાડણીરે રહેતી સંત હજુર;
સાધુ સંઘાતે સ્નેહ ઘણો, પેલા કપટીથી દીલ દૂર. ગોવિંદો.

૧૩૦

જે કોઇ પ્રેમીઅંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે.
સિંહણ કેરૂં દૂધ હોય તે સિંહણ સુતને જરે;
કનકપાત્ર પાખે સહુ ધાતુ ફોડીને નીસરે. પ્રેમરસ.
સકર ખોરનું સાકર જીવન ખરના પ્રાણજ હરે;
ક્ષાર સિંધુનું માછલડું જયમ મીઠા જળમાં મરે. પ્રેમરસ.
સોમવેલી રસપાન શુદ્ધ જે બ્રાહ્મણ હોય તે કરે;
વગળ વંશીને વમન કરાવે વેદવાણી ઉચરે. પ્રેમરસ.
ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે તદાપ અર્થ ના સરે;

મત્સ્યભોગી બગલો મુક્તાફળ, દેખી ચંચુ ના ભરે. પ્રેમરસ.
એમ કોટિ સાધને પ્રેમ વિના પુરૂષોત્તમ પુંઠ ન ફરે;
દયા પ્રીતમ શ્રી ગોવરધનધર પ્રેમભક્તિએ વરે. પ્રેમરસ.

૧૩૧

ચિત તું શીદને ચિંતા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે,
સ્થાવર જંગમ જડ ચૈતન્યમાં માયાનું બળ ઠરે;
સમરણ કર શ્રી કૃષ્ણ ચંદ્રનું જન્મ મરણ ભય હરે. કૃષ્ણને.
નવ માસ પ્રાણી કૃષ્ણ ચંદ્રનું ધ્યાન ગર્ભમાં ધરે,
માયાનું આ વર્ણું કર્યું ત્યારે લક્ષ ચોરાશી ફરે. કૃષ્ણને.
તું અંતર ઉદ્વેગ ધરે તેથી કારજ શું સરે,
ધણીનો ધાર્યો મનસુબો હર બ્રહ્માથી નવ ફરે. કૃષ્ણને.
દોરી સ્વર્ગની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે,
જેવો જંત્ર વગાડે જંત્રી, તેવો સ્વર નીસરે. કૃષ્ણને.
થનાર વસ્તુ થયા કરેરે જયમ શ્રીફળ પાણી ભરે,
જનાર વસ્તુ એણી પેરે જાશે જયમ ગજ કોઠું ગરે. કૃષ્ણને.
જેનું જેટલું જે જયમ કાળે તે ત્હેને કર ઠરે,
એમાં ફેર પડે નહિ કોઇથી, શીદ કૂટાઇ તું મરે. કૃષ્ણને.
ત્હારૂં ધાર્યું થતું હોયતો સુખ સંચે દુઃખ હરે,
આપ તણું અજ્ઞાનપણુંએ મૂળ વિચારે ખરે. કૃષ્ણને.
થાવાનું અણ ચિંતવ્યું થાશે ઉપનિષદ ઓચરે,
રાખ ભરોસો રાધાવરનો દયા શીદને ડરે. કૃષ્ણને.

૧૩૨. રાગ કાફી

ભુલ્યો શું ફરે છે રે, ભુલ્યો ભવકૂપમાં પડયો,
મનુષ્ય દેહ મોં ઘીરે, ખોયો મણિ હાથે ચઢયો. ટેક૦

શું થયું સંપતિ ઘણી મેળવી—શું થયું મ્હોટે ઘરબાર,
નિશ્ચલ થઇ હરિને ભજે નહીં, ભુંડા ધિક ત્હારો અવતાર.
ધિક ત્હારૂં જીવ્યુંરે દૈવે ત્હને શાને ઘડયો. ફુલ્યો.

ડાહ્યા થઇ દુનિયામાં ફરે છે તેણે શું શીધ્યું ત્હારૂં કાજ
જમની કચેરી જીતવી કઠણ છે નથી રહેવાની તારી લાજ
ડહાપણ ત્હારૂં ત્યારે જ્યારે જમને કરે ન ચઢયો. ફુલ્યો.

વાંકી મૂછ ઉપર વાટ ઉઠીરે નર્કની વાટે તું ઠર્યો
મિથ્યા જનુની ભારે મારી એવો જન્મ ધર્યો ન ધર્યો
માટે જોની જાગીરે અવસ્ય આવી અડયો. ફુલ્યો.

સમજ મન મ્હારોરે કહું છું મોહ માયા મમતા તજ
સ્મરણ કર પરબ્રહ્મ પુરૂષોત્તમ, રાધા કૃષ્ણ હરિભજ
દયો એવું જાણેરે તે સર્વથી સરસ પડયો. ફુલ્યો.

૧૩૩. (રાગ ઉપરનો)

મનજી મુસાફરે ચાલો નિજ દેશ ભણી,
મુલક ઘણા જોયારે મુસાફરી થઇ છે ઘણી,

સ્વપૂર જવાનો પંથ આવ્યો છે, રખે ભુલતા ભાઇ
ફરીને આ મારગ મળશે નહિ, એવી છે અવળાઇ;
સમજીને ચાલો સીધારે, ના જાશો ડાબા કે જમણી. મનજી.

વચ્ચે ફાંશી આ વાટ મારવાને, બેઠા છે બેચાર,
માટે વળાવા રાખો એ ત્રણેક ત્યારે ન્હેનો નહીં ભાર;
મળ્યો છે એક ભેદીરે, કહેલી ગતિ સહુ તે તણી. મનજી.

હાવાં માલ વોહોરો તો વોહોરો, શેઠના નામનો પાયના કહું અટકાવ;
આપણો કરતાં જોખમ આવે, ફાવે ધણીનો દાવ;
એટલા સારૂંરે ના થાવું વોહરતના ધણી. મનજી.

જો જો જુગથકી જાવું છે, કરજો સંભાળીને કામ,

દાસ દયાને એમ ગમે છે, હવાં જઇએ પોતાને ગામ;
સુઝે છે હાવાં એવુંરે, અથવ થઇ છે આપણી. મનજી.

૧૩૪

ત્હારો અમુલખ અવસર જાયરે ગોવિંદ ગારે
ગોવિંદગા ગોપાળગા ગોપીજન વલ્લભગારે
જોને ક્ષણે ક્ષણે હાનિ થાય ગિરવરધારિ ગારે,
મુરખ તું સમજે નાહ, આયુષ ઓછું થાય
જયમ સરવરની માછલી, સમજે નહિ સલિલ સુકાયરે. ગોવિંદ.
તેનું તે ભાસે તુંને, ભોર બપોર શરીર,
વહી જાતું જાણે નહિ, જયમ નદીઓનું નીરરે. ગોવિંદ
અમુલખ લટકું લાભનું, ચેત્યા તે પામ્યા પાર,
ચાર દિવસની ચાંદની જાતાં નહિ લાગે વારરે. ગોવિંદ.
માયાના મધ-લાલથી કોણ ધરાયું તું ધરાશે,
દુગ્ધામાં બન્ને જશે, પાછળથી પસ્તાશેરે. ગોવિંદ.
ઠાલાં થોથાં કૂટતાં, ખૂટ્યું દીપક તેલ,
મનના મનોરથ રહી જશે, ઓચિંતો તુટી જાશે ખેલરે. ગોવિંદ.
માયા મેવો મીઠડો, જયમ જવરમાં ધીજ,
હરિ રસાયણ ગુણ ઘણો, ઓષધ જાણીને પીજરે. ગોવિંદ.
પ્રભુ પાખે હે પ્રાણિયા, કોઇમાં પ્રીત કરીશ,
ત્હારૂં ઢાંક્યું અંતર ઘીકશે, ટટળીને મરીશરે. ગોવિંદ.
અંતે આવી પળ નહિ મળે, જો કરે કોટી ઉપાય,
વિચાર વિઠલ વણ ભજે, વૃથા વહ્યું સૌ જાયરે. ગોવિંદ.
ત્હને અનેક વાતની એક કહું, સમખાઈ આ બાય;
દયા નામ શ્રી કૃષ્ણ થકી, શમશે સૌ પરિતાપરે. ગોવિંદ.

→ સમાપ્ત ←

૧૩૫

તરણા ઓથે ડુંગરરે ડુંગર કોઇ દેખે નહિ.
અજા જુથ માંહેરે, સમરથ ગાજે સહી. તરણા૰
સિંહ અજામાં કરે ગર્જના કસ્તુરી મૃગરાજન,
તલને ઓથે જેમ તેલ રહ્યું છે કાષ્ટમાં હુતાશન,
દધિ ઓથે ધૃત જરે, વસ્તુ એમ છુપી રહી તરણા૰
કોને કહુંને કોણ સાંભળશે, અગમ ખેલ અપાર,
અગમ કેરી ગમ નહિરે, વાણીના પહોંચે વિસ્તાર,
એક દેશ એવોરે, બુદ્ધિ થાકી રહે તહીં. તરણા૰
મન પવનની ગતિ ન પહોંચે, છે અવિનાશી અખંડ
રહ્યો સચરાચર ભર્યો બ્રહ્મ પુરણ જેણે રચ્યાં બ્રહ્માંડ,
ઠામ નહિ કો ઠાલે રે, એક અણુ માત્ર કહી, તરણા૰
સદ્ગુરૂથી કૃપા કરી ત્યારે આપ થયારે પ્રકાશ
શાં શાં દોડી સાધન સાધે પોતેપોતાની પાસ
દાસ ધીરો કહે છે રે જ્યાં જોઉ ત્યાં તુંહી તુંહી. તરણા.

૧૩૬

અંતે સંતને તેડાવેરે, હરિનું ભજન કરવા
કરમાં માળા ઝાલીરે મુરખ જ્યારે સુતો મરવા. અંતે.
ન્હાનપણે ઘર ધંધે ધાયો, વૃદ્ધપણે હરિગુણ ગાય,
ઘર લાગ્યું ત્યારે કુવો ખોદાવે, અગ્નિ કેમ ઓલવાય;
જીતી બાજી હાર્યોરે, પત્થરને નાવે બેઠો તરવા. અંતે.
અંત સમે છાપા તિલક બનાવે, ભુલી ગયો જ્યારે ભાન,
એરણની ચોરી સોયનું દાન, એમ કેમ આવે વૈમાન
ગુરૂ જ્ઞાન નાવ્યુંરે, બુદ્ધિ ત્હારી ગઇ ચરવા અંતે.

જુવતિ નારીને જેવી પુત્રની આશા, એનો એળે જનમ વાહેજાય
હરિને બેઠો ઠગવારે, એશી વરશે વર વરવા અંતે૦
હરિ શું ધાયા તે બહુ કમાયા, ત્હેને મળિયા નિરંજન રાય
દાસ ધીરો કહેછેરે, મટયા ચોરાશી ફરવા અંતે૦

૧૩૭

ખબરદાર મનસુબાજી, ખાંડાની ધારે ચઢવું છે
હિંમત હથિઆર બાંધીરે, સત્ય લડાઇએ લડવું છે
એક ઉમરાવને બાર પટાવત, એક એક નીચે ત્રીસ ત્રીસ
એક ધણીને એક ધણીઆણી એમ વીગતે સાતસેંને વીશ
સો સરદારે ગઢ ઘેર્યોરે, ત્હેને જીતી પાર પડવું છે ખબરદાર૦
પાંચ પ્યાદલ ત્હારી પુઠે ફરે છે, નેવળી કામને ક્રોધ
લોભ મોહને માયા મમતા, એ જુલમી જોરાવર જોધ
અતિ બલિષ્ટ સ્વારીરે, એ સાથે આથડવું છે ખબરદાર૦
પ્રેમ પલાણ ધરી જ્ઞાન ઘોડે ચઢી, સદ્ ગુરૂ સબ્દ લગામ
શીલ સંતોષને ક્ષમા ખડગ, ધરી ભજન ભડાકે રામ
ધર્મ ઢાલ ઝાલીરે, નિર્ભે નિશાને ચઢવું છે ખબરદાર૦
સુરત નુરતને ઇગલા પીંગળા, સુષુમણા ગંગા સ્નાનકીજે
મને પવનથી ગગનમંડળ ચઢી ધીરી સુધારસ પીજે
રાજ ધણું રીઝેરે ભજન વડે બીડવું છે ખબરદાર૦

૧૩૮

દુનિઆં દિવાનીરે, બ્રહ્માંડ પાખંડ પુજે
કર્તાવસે પાસેરે બાજી કાંઇ નવ સુજે-દુનિઆં
જીવ નહિં એને હરિ કરી માને, પુંજે કાષ્ટ પાષાણ

ચૈતન્ય પુરૂષને પાછળ મુકે એવી અંધી જગત અજાણ
અર્કને અજવાળે પ્રસિદ્ધ મણિ નવ સુઝે-દુનિઆં
પાષાણનું નાવ નીરમાં મૂકે સોવાર પટકે શીશ
કોટી ઉપાયે તરે નહિં એતો ડુબે વશાવીશ
વેળુમાં તેલ ક્યાંથીરે, ધાતુની ધેનુ શું દુજે-દુનિઆં
અંતર મેલ ભર્યો અતિ પુરણુ નિત્ય નિર્મળ જળમાં ન્હાય
મહા મણિધર પેઠારે દરમાં, તો રાફડો ટીપે શું થાય
ઘાયલ ગતિ ઘાયલરે, જાણીજે જ્ઞાની ઘાવ રૂઝે-દુનિઆં
સદ્ગુરૂ શબ્દનું ગ્રહણ કરીને, પ્રગટ પડમાં પેખ
દૂર નથી નાથ નજીક નિરંજના દિલશુદ્ધ દેદાર દેખ
ધુરંધર ખેલે ધીરોરે જાહેર જગત મધ્ય ઝુઝે-દુનિઆં

૧૩૯

જેને રામ રાખેરે ત્હેને કુણ મારી શકે
અવર નહિ દેખુરે બીજો કોઇ પ્રભુ પખે—જેને
ચાહે અમીરને ભીખ મંગાવે ને રંકને કરેરે રાય
સ્થલને સ્થાનકે જલ ચલાવે, જલ સ્થાનક સ્થલ થાય
તરૂણાનો તો મેરૂરે મેરૂનું તરણું કરી દાખવે—જેનો
નીંભાડાથી બળતાં રાખ્યાં મંઝારીના બાળ
ટિટોડીનાં ઇંડા ઉગાર્યાં, એવાછો રાજન રખવાળ
અંત વેળા આવોરે પ્રભુ ત્હમે ત્હેની તકે—જેને
બાણ તાણીને ઉભો પારધિ સીંચાણો કરેરે તકાવ
પારધિને પગે સર્પ ડસિયો સીંચાણુ શિર નાઠ ઘાવ
બાજ પડયો હેઠારે પંખી ઉડી ગયાં સુખે—જેને

અજ અંતરણી લેઇને બેઠા હરજીનો દીન દયાળ
વધે ઘટે ત્હેને કરે બરાબર સૌની લે સંભાળ
ધણીતો ધીરાનોરે હરિતો મ્હારો હીરો હોકે—જેને•

૧૪૦

મન તુંહી તુંહી બોલેરે, આ સુપના જેવું તન ત્હારૂં
અચાનક ઉડી જાશેરે, જેમ દેવતામાં દારૂ
ઝાકળ જળ પળમાં વળી જાશે, જેમ કાગળને પાણી
કાયાવાડી ત્હારી એમ કરમાશે, થઇ જશે ધુળ ધાણી
પાછળથી પસ્તાશેરે મિથ્યાકરી મ્હારૂં મ્હારૂ—મન•

કાચનો કુંપો કાયા ત્હારી, વણુ સતાં નહિવાર
જીવ કાયાને સગાઇ કેટલી, મૂકી ચાલે વનમોઝાર
ફોગટ ફૂલ્યાં ફરવુંરે ઓચિંતું થશે અંધારૂં—મન•

જોયુંતેતો સર્વ જવાનું ઉધરવાનો ઉધારો
દેવ ગાંધર્વ રાક્ષસને માણુસ, સૌને મરણનો મારો
આશાનો મ્હેલ ઉચોરે, નીચું આ કાચું કારભારૂં—મન•

ચંચલ ચિત્ત ચેતીને ચાલો, ઝાલો હરિનું નામ
પરમારથ જે હાથે તે સાથે, કરો રહેવાનો વિશ્રામ
ધીરા ધરા ધરથીરે, નથી કોઇ રહેનારૂ—મન•

૧૪૧

દુનીઆ દેવાની કહેવાશેરે, જુંડી બીતીમાં ભટકાશે
પાપ જ્યારે એનું પ્રગટ થાશે ત્યારે, જુવાજતિ ઘેર જાશે
ધુણી ધુણી એની ડોકજ દુઃખશે, ને લેનારો લઇ ખાશેરે—દુનિયા•

સ્વર્ગમાં નથી સુપડું ને, નથી ખાંડણિયોની ઘંટી
દુધ ચોખાના જમનારા ત્હમે, કેમ કરી જમશો બંટીરે—દુનિયા૦
ઢોંગ કરી ધુતવાને આવે ત્યારે, હાથ બતાવવા સૌ જાશે
ક્યારે આના કર્મનું પાનું રે ફરશે, અને ક્યારે પુત્રજ થાશેરે—દુનિયા૦
કીમિયાગ કોઈ આવી મળે ત્યારે, ધનને વાસ્તે ધાશે
ભોજો ભગત કહે ભ્રમણાંમા ભમતાં ગાંઠની મૂડી ગમાશેરે—દુનિયા૦

૧૪૨

મુરખો રળી રળી કમાણોરે, માથે મેલશે મોટો પ્હાણો
ધાઈ ધુતી ધન ભેળું કીધું, કોટી ધ્વજ કહેવાણો
પુણ્યને નામે પાઈ ન વાવર્યો, અધવચથી લુંટાણોરે—મુ૦
ભર્યા કોઠાર ત્હારા ધર્યા રહેશે નહિ આવે સાથે એક દાણો
માણસની રાખમાં રોળાઈ ગયા કઈક કોણ રંકને કોણ રાણોરે—મુ૦
મંદિર માળીઆં મેલીકરીને, નીચે જઈ ઠેરાણો
ભોજો ભગત કહે મુઆપુઠે જીવ, ઘણો ઘણો પસ્તાણોરે—મુ૦

૧૪૩

ભેખતો ભાવથકી ભુંડારે, મેલા અંતરમાં ઉંડા
ટકો પૈસો ટેલ ગામ ગામ નાંખે, વળી ખેતર ખેતર કુંડા
જેની વાંસે ધાય ત્હેનો કડો ન મલે, જેમ કટકનાં લુંડારે—ભેખ
ત્રાંબિયા સારૂં ત્રાગુ કરેને વળી, કામ કોધના ઉંડા
ધન ધુતવા દેશ દેશમાં ફરે, જેમ મલકમાં મુંડારે—ભેખ
ગામ બધાની ચાકરી કરેને ઘેર રાખે અગન કુંડા
ભોજો ભગત કહે કર્મની કોટિ, પાપતણાં ઝુંડારે—ભેખ

૧૪૪

જોઇ લો જગતમાં બાવારે. ધર્યા ભેખ ધુતીને ખાવા
જ્યાં પ્રેમદા ઘણી પાણી ભરે, ત્યાં જાય નિત નિત ન્હાવા
રાંઢી છાંડી નારનો નરધન ન હોય ત્યારે, બાવાજી બેસે ગાવારે. જો.
લોકનાં છોકરાંને તેડી રમાડે, વળી પરાણે પ્રીત થાવા
ગૃહસ્થની સ્ત્રી રીસાવી જાય ત્યારે, બાવોજી જાય મનાવારે. જો.
ધૂપ કરેને બાવો ધ્યાન ધરે, ભોળા લોકને ભરમાવા
ભોજો ભગત રહે ભાવે શું સેવે એને, જમપુરીએ જાવેરે. જો.

૧૪૫ રાગ ઉપરનો

ભરમાવી દુનિયા ભોળીરે, બાવો ચાલ્યો ભભુતી ચોળી
દોરા ધાગાને વળી ચીઠી કરીને, આપે ગણુકારૂં ગોળી
જીવને હણતાં દયા ન આણે, જેમ ભીલ કાફર કોળીરે. ભ૦
નિત નિત દર્શન નિમ ધરાવે, ઘેર આવે ત્રિયા ટોળી
માઇ માઈ કરીને બાવો બોલાવે, હૈયે કામનાની હોળીરે. ભ૦
સઘળાં શિષ્યને ભેળાં કરી ખાય, ખીર ખાંડને પોળી
ભોજો ભગત કહે ભવસાગરમાં, બાવે માર્યાં બોળીરે. ભ૦

૧૪૬ રાગ ઉપરનો

મુરખો માની રહ્યો મ્હારૂંરે, તેમાં કાંઇયે નથી ત્હારૂં
સાત સાયર જેની ચોકી કરતાં, ૪રતું નીર ખારૂં
ચૌદ ચોકડીનું રાજ ચાલ્યું ગયું, રાવણાદીક વાળુરે. મુ૦
દુઃખીને તો કોઇ દેખે નહિ, ને સુખ લાગે સારૂં
વેળા વેળાની છાંયડી ત્હારી, વળી જાશે વારૂંરે. મુ૦
હરિ ભજનમાં હેતજ રાખો, સ્મરણ કરો સારૂં
ભોજો ભગત કહે રાખો હૃદયમાં, પ્રભુનું ભજન પ્યારૂંરે. મુ૦

૧૪૭ (પદ) ઇશ્વરી ભજન.

જેને સત સંગ ગુરૂપર પ્રિતીરે, તે ડર કોઇનો નવ રાખે
જેને હિર દે જ્ઞાન અને પદ સ્થિતિરે તે ડર કોઇનો નવ રાખે
ભાઇરે રાજા હરિશ્ચંદ્રની જોરે વાણી, જેણે નીચ ઘેર ભરીઆં
પાણીરે (તે ડર કોઇનો) (જેને સત)
ભઇરે ભક્તિ પ્રલ્હાદની નિષ્કામા, સ્થંભમાં પ્રગટયા અંતર
જામીરે. તે ડર નવ રાખે (જેને)
ભઇરે ભકત સાચો સુધન્વા કહેવાયો, તાતી તેલ કઢામાં
તળાયોરે તે ડર કોઇનો નવ રાખે (જેને)
ભાઇરે પીપો પુરો અન્ત બ્રહ્મજ્ઞાની, જેણે બ્રહ્મપદ લીધું
માણીરે. તે ડર કોઇનો નવ રાખે (જેને)
ભાઇરે ભકિત મીરાંની સાચી જાણી, લીધી શરણમાં
તાણીરે. તે ડર કોઇનો નવ રાખે (જેને)
ભાઇરે નરસિંહ મહેતાને સ્મરતો જાણી, સભામાં હાર
આપ્યો આણીરે તે ડર કોઇનો નવ રાખે (જેને)
ભાઇરે ભકત પાંડવ પોતાનારે જાણ્યા, લાખા ગ્રહમાંથી
ઉગાર્યારે, તે ડર કોઇનો નવ રખે (જેને)
ભાઇરે ભકિત અર્જુન કરે તનમન વારી, જેને સદગુરૂ લેશે
ઉગારીરે- તે ડર કોપનો નવ રાખે (જેને)

૧૪૮ [રાગ થઇપ્રેમ વશ પાતળીઆ]

ધરો ધ્યાન સરવે હરીનું, તમે છોડીને સકળ અશ્રુતું-ધરો
ધ્યાન ધર્યાથી સૌ દુઃખ ટળશે, મળશે એ અવિનાશી,
સાચી અર્જ સવત્ર નિવાસા તમે છોડીને-સકળ

ભવસાગરમાં ભટકાયા કરવું, કોને ગમેછે મનવા,
પણુ નાહક આવ્યું તેને આ ધરો ધ્યાન સરવે હરિનું

૧૪૯ [હરિ ભજન વિના એ રાગ]

ભવસાગરમાં ભવસાગમાં માનવ શાને ફોકટ ફેરાખાય છે
દુઃખ દરિઆમાં દુઃખ દરિઆમાં નાહક શાને તુંતો ઝોલાં ખાયછે
આ મનુષ્ય દેહ મળ્યો મહાયત્ને, ઘણાં પુન્ય કર્યાથી પામ્યો
રત્નો હવે શાને ગુમાવેતું આ હિરાનેરે ભવસાગરમાં (૨)
જેમ નિધી વિશે બહુ ગચ્છર ભમે, તેમ માનવ શાને દેહનેદમે
પણુ જોતા નથી કે, માથે કાળ ભમે-ભવસાગરમાં (૨)
નાવ રૂપી મળી એક જીંદગાની, તેને પાર ઉતરતાં પડશે
ઘણી હાની, બોલે નરહરી કે ભજોને બહુનામી. ભવ.

૧૫૦ (રાગ ગઝલ પ્રભુની સ્તુતી)

પ્રભુજી હે પિતાજી તું અમારા કાપ દુઃખોને
અમારા દુઃખો કાપીને, સકળ તું આપ સુખોને
જગતમાં જોવું જ્યાં જ્યાં ત્યાં, તમો વિણુ કાંઇ નવ ભાસે
સુરખ નર ચેતા લે ચિતમાં પ્રભુજી છે સદા પાસે
દુઃખી સંસાર આ દિસે, મુરખ તું જો નિહાળીને
હવે તું જા પ્રભુ પાસે, નિધીને પાર ઉતરીને
જગતમાં સત્ય એ છે કે, પ્રભુનું નામ લેવું તે
વીણુજ સરવે અસત્ય છે બોલે છે દાસ નરહરીરે

→ સમાપ્ત. ←

સુરત ચોટાના પુલ ઉપર આવેલા "સુરત સીટી" પ્રિન્ટીંગ
પ્રેસમાં ઠાકોરદાસ માનસિંહે છાપી.